Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

जैना रक्षन्तु धर्मं विमलमतियुतास्त्यक्तरागादिदोषा
जैनान् धर्मश्च पातु प्रशिथिलप्रबलक्रोधशत्रूनुदारान् ।
जैनैरुत्साहशीलैः प्रिय निजविषयैरस्तु भद्रं स्वभूमेर्
'आत्मानन्द' प्रकाशो वितरतु च सुखं श्री जिनाज्ञापरेभ्यः॥ १ ॥

पु० २४ मुं | वीर सं. २४५३. माघ आत्म सं. ३१ { अंक ७ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर.

## વિષયાનુક્રમણિકા.


| વિષય | પૃષ્ઠ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ બદલી ન હોય ! ... ... | ૧૮૩ | ૭ શ્રી શત્રુંજય સંબંધી પ્રચારકાર્ય | ૧૯૮ |
| ૨ જૈન સખાવત. ... ... | ૧૮૪ | ૮ શ્રી જૈન શ્વેતાંબર બોર્ડ અને હાલની પરિસ્થિતિ. ... | ૨૦૦ |
| ૩ જૈન ધર્મની ખૂબીયો. ... | ૧૮૭ | ૯ પ્રકીર્ણ અને વર્તમાન સમાચાર. | ૨૦૩ |
| ૪ માનવી શિવઘેલા ... ... | ૧૯૨ | ૧૦ સાભાર સ્વીકાર અને સમાલોચના. | ૨૦૪ |
| ૫ પરિશ્રમ અને કાર્ય. ... | ૧૯૩ | | |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ ૪ આના.

ભાવનગર—આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


### ઐતિહાસિક સાહિત્યના રસજ્ઞોને ખાસ તક.

## જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્યસંચય.

શ્રીમાન્ પ્રવર્ત્તકજી મહારાજ શ્રી કાન્તિવિજયજી જૈન ઐતિહાસિક ગ્રંથમાળાનું આ સાતમું પુષ્પ છે, કે જેમાં જુદા જુદા એકત્રીશ મહાપુરૂષો સંબંધી તેત્રીશ કાવ્યોનો સંચય છે, તેના સંગ્રાહક અને સંપાદક શ્રીમાન્ જિનવિજયજી આચાર્ય ગુજરાત પૂરાતત્ત્વ મંદિર છે. કાવ્યનો રચનાકાળ ચૌદમા સૈકાથી પ્રારંભી વીસમા સૈકાના પ્રથમ ચરણ સુધી છે. આ સંગ્રહથી આ છ સૈકાના અંતર્ગત સૈકાઓનું ગુજરાતી ભાષાનું સ્વરૂપ, ધાર્મિક, સમાજ અને રાજકીય વ્યવસ્થા, રીતરીવાજો, આચારવિચાર અને તે સમયના લોકોની ગતિનું લક્ષ્યબિંદુ એ દરેકને લગતી માહિતીઓ મળી શકે છે. કાવ્યો તે તે વ્યક્તિ મહાશયોના રંગથી રંગાયેલ હોઈ તેમાંથી અદ્ભૂત કલ્પના, ચમત્કારિક બનાવો અને વિધવિધ રસોના આસ્વાદો મળે છે. આ કાવ્યોનો છેવટે રાસસારવિભાગ ગદ્યમાં નોટ આપી આ ઇતિહાસિક ગ્રંથને વધારે સરલ બનાવ્યો છે. વિદ્વાનોની સર્વોત્તમ સાહિત્ય પ્રસાદી આમાં છે. વિશેષ લખવા કરતાં વાંચવા ભલામણ કરીએ છીએ.

કિંમત ૨-૧૨-૦ પોસ્ટેજ જુદું. શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.

## " આત્મવિશુદ્ધિ ગ્રંથ. "

જેમાં શુદ્ધ આત્માનું સ્વરૂપ, શુદ્ધ આત્માનું આરાધન, આત્મપ્રાપ્તિનાં સાધનો, વિકલ્પોથી થતું દુઃખ, જીવનો પશ્ચાતાપ વગેરે અનેક વિષયોથી ભરપૂર સાદી સરલ ગુજરાતી ભાષામાં કોઇ પણ મનુષ્ય સમજી શકે તેવી રીતે આચાર્ય મહારાજ શ્રી વિજયકેશરસૂરિજીએ લખેલો આ ગ્રંથ છે. જેના પઠનપાઠનથી વાચકને આત્માનંદ થતાં, કર્મોને નાશ કરવાની પ્રબળ ઇચ્છા થતાં મોક્ષને નજીક લાવી મુકે છે. આત્મસ્વરૂપના ઇચ્છક મનુષ્યને આ ગ્રંથ મનનપૂર્વક વાંચતાં પોતાનો જન્મ સફળ થયો માની તેટલો વખત તો ચોક્કસ શાંતરસ–વૈરાગ્યરસમાં મગ્ન થાય છે. શેઠ ઝવેરભાઇ ભાઇચંદ સીરીઝના ત્રીજા પુષ્પ તરીકે પ્રગટ થયેલ છે. પાકુ પુંઠું કિંમત ૦-૮-૦ પોસ્ટેજ જુદું.

**વસુદેવ હિંડી મૂળ**—નિર્ણયસાગર પ્રેસમાં, ઉંચા ઇંગ્લીશ લેઝર પેપર ઉપર શાસ્ત્રી સુંદર ટાઇપમાં છપાય છે. તે સંબંધી વિશેષ માહેતી હવે પછી આપીશું.

## શ્રી પંચપ્રતિક્રમણ સૂત્ર અર્થ સહિત.

મૂળ, ભાવાર્થ, વિશેષાર્થ, નોટ વગેરે. તદ્દન શિક્ષણની પદ્ધતિએ નવી શૈલીથી અર્થ વગેરે સહિત રચના, બાળક, બાળકીઓ જલદીથી મૂળ તથા અર્થ સરલ રીતે શીખી શકે તેવી રીતે તૈયાર કરી છપાવેલ છે. શાળાઓ માટે ખાસ ઉપયોગી. વધારે લખવા કરતાં મંગાવી ખાત્રી કરો. કિં. રૂ. ૧-૧૨-૦ સુદ્દલ કિંમત પોષ્ટેજ જુદું.

**સૂચના:-** શ્રી ધર્મબિન્દુ ગ્રંથ મૂળ તથા ભાષાંતર સાથે બીજી આવૃત્તિ—શાહ મગનલાલ ઓધવજી આ સભાના પ્રમુખશ્રીની સીરીઝ તરીકે આ ગ્રંથ તૈયાર થઇ ગયો છે, બાઇંડીંગ થાય છે. આવતા માસમાં બહાર પડશે.


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ સભા તરફથી બહાર પડેલ ઉત્તમોત્તમ ગુજરાતી પુસ્તકો.

| | | |
|---|---|---|
| ૧ | શ્રી જૈન તત્વાદર્શ ( શાસ્ત્રી ) | ૫-૦-૦ |
| ૨ | નવતત્વનો સુંદર બોધ | ૦-૧૦-૦ |
| ૩ | જીવવિચાર વૃત્તિ | ૦-૬-૦ |
| ૪ | જૈન ધર્મ વિષયિક પ્રશ્નોત્તર | ૦-૮-૦ |
| ૫ | જૈનતત્વસાર મૂળ તથા ભાષાંતર | ૦-૬-૦ |
| ૬ | દંડક વિચાર વૃત્તિ મૂળ. અવચૂરિ | ૦-૮-૦ |
| ૭ | નયમાર્ગદર્શક | ૦-૧૨-૦ |
| ૮ | હંસવિનોદ ( શાસ્ત્રી ) | ૦-૧૨-૦ |
| ૯ | કુમાર વિહાર શતક, મૂળ અવચૂરિ અને ભાષાંતર સાથે ( શાસ્ત્રી ) | ૧-૮-૦ |
| ૧૦ | પ્રકરણ સંગ્રહ | ૦-૪-૦ |
| ૧૧ | નવ્વાણું પ્રકારી પૂજા અર્થ સહિત | ૦-૮-૦ |
| ૧૨ | આત્મવલ્લભ સ્તવનાવલી | ૦-૬-૦ |
| ૧૩ | મોક્ષપદ સોપાન | ૦-૧૨-૦ |
| ૧૪ | પ્રશ્નોત્તર પુષ્પમાલા ( શાસ્ત્રી ) | ૦-૧૪-૦ |
| ૧૫ | શ્રાવક કલ્પતરૂ | ૦-૬-૦ |
| ૧૬ | આત્મપ્રબોધ ગ્રંથ ( શાસ્ત્રી ) | ૨-૮-૦ |
| ૧૭ | આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧-૮-૦ |
| ૧૮ | જંબુસ્વામી ચરિત્ર | ૦-૮-૦ |
| ૧૯ | જૈન ગ્રંથ ગાઇડ ( ગુજરાતી ) | ૧-૦-૦ |
| ૨૦ | તપોરત્ન મહોદધિ ભાગ ૧-૨ તમામ તપ વિધિ સાથે | ૧-૦-૦ |
| ૨૧ | સમ્યકત્વ સ્તવ | ૦-૪-૦ |
| ૨૨ | ચંપકમાળા ચરિત્ર | ૦-૮-૦ |
| ૨૩ | શ્રી સમ્યકૃત્વ કૌમુદી | ૧-૦-૦ |
| ૨૪ | પ્રકરણ પુષ્પમાલા બીજું | ૦-૮-૦ |
| ૨૫ | અનુયોગદ્વાર સૂત્ર | ૦-૮-૦ |
| ૨૬ | અધ્યાત્મમત પરીક્ષા | ૦-૪-૦ |
| ૨૭ | ગુરૂગુણ છત્રીશી | ૦-૮-૦ |
| ૨૮ | શ્રી શત્રુંજય તીર્થ સ્તવનાવલી | ૦-૫-૦ |
| ૨૯ | જ્ઞાનામૃત કાવ્યકુંજ ( જ્ઞાનસાર અષ્ટક ગદ્ય, પદ્ય, અનુવાદ સહિત ) | ૦-૧૨-૦ |
| ૩૦ | શ્રી ઉપદેશ સપ્તતિકા | ૧-૦-૦ |
| ૩૧ | સંબોધ સિત્તરી | ૧-૦-૦ |
| ૩૨ | ગુણમાલા ( પંચપરમેષ્ઠિના ૧૦૮ ગુણનું વર્ણન અનેક કથાઓ સહિત ) | ૧-૮-૦ |
| ૩૩ | સુમુખનૃપાદિ કથા. | ૧-૦-૦ |
| ૩૪ | આદર્શ સ્ત્રી રત્નો | ૧-૦-૦ |
| ૩૫ | શ્રી નેમનાથ ચરિત્ર. | ૨-૦-૦ |
| ૩૬ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા, ૧ લો. | ૨-૦-૦ |
| ૩૭ | શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૨ | ૨-૮-૦ |
| ૩૮ | શ્રી દાન પ્રદીપ | ૩-૦-૦ |
| ૩૯ | શ્રી નવપદજી પૂજા અર્થ ફૂટનોટ સહિત | ૧-૪-૦ |
| ૪૦ | શ્રી કાવ્ય સુધાકર | ૨-૮-૦ |
| ૪૧ | શ્રી ધર્મરત્ન પ્રકરણ | ૧-૦-૦ |
| ૪૨ | શ્રી આચારોપદેશ ( રેશમી પાકું કપડાનું બાઈડીંગ ) | ૦-૮-૦ |
| ૪૩ | કુમારપાળ પ્રતિબોધ. | છપાય છે. |
| ૪૪ | ધર્મબિન્દુ ( આવૃતી બીજી ) | ,, |
| ૪૫ | શ્રી પંચપ્રતિક્રમણ અર્થ સહિત | ૧-૧૨-૦ |
| ૪૬ | શ્રી પ્રભાવક ચરિત્ર | છપાય છે. |
| ૪૭ | શ્રી વિમલનાથ ચરિત્ર | ,, |

## પરચુરણ પુસ્તકો.

| | |
|---|---|
| તત્વનિર્ણયપ્રાસાદ | ૧૦-૦-૦ |
| પ્રમેયરત્નકોષ | ૦-૮-૦ |
| જૈનભાનુ | ૦-૮-૦ |
| વિશેષનિર્ણય | ૦-૮-૦ |
| વિમલવિનોદ | ૦-૧૦-૦ |
| સજ્જનસન્મિત્ર | ૪-૦-૦ |
| અભયકુમારચરિત્ર ભાગ ૧ લો | ૨-૪-૦ |
| ,, ભાગ ૨ જો | ૩-૦-૦ |
| સજ્ઝાયમાળા ભાગ ૧ લો | ૨-૦-૦ |
| ,, ભાગ ૨ જો | ૨-૦-૦ |
| ,, ભાગ ૩ જો | ૨-૦-૦ |
| ,, ભાગ ૪ થો | ૨-૦-૦ |
| સમ્યકત્વદર્શન પૂજા | ૦-૧-૦ |
| ચૌદરાજલોક પૂજા | ૦-૧-૦ |
| નવપદજી મંડલ | ૦-૪-૦ |
| નવપદજી મંત્ર | ૦-૨-૦ |

ઉપરનાં પુસ્તકો સિવાય શ્રી જૈનધર્મ પ્રસારક સભા, શા. મેઘજી હીરજી બુકસેલર, શ્રાવક ભીમસી માણેક, સલોત અમૃતલાલ અમરચંદ વિગેરેનાં પુસ્તકો પણ અમારે ત્યાંથી મળી શકશે. નફો જ્ઞાનખાતામાં જાય છે. જેથી મંગાવનારને પણ લાભ છે.

**લખોઃ—શ્રી જૈન આત્માનંદ સભા-ભાવનગર.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# નીચેના ગ્રંથો છપાય છે.

૧ **કુમારપાળ પ્રતિબોધ**—ઇતિહાસ અને ઉપદેશની દૃષ્ટિએ અનેક કથાઓ સહિત–શ્રી હેમચંદ્રાચાર્ય મહારાજે કુમારપાળ રાજાને જે ઉપદેશ દૃષ્ટાંત–કથાઓ સહિત આપી જૈન રાજા બનાવેલ છે, તે અન્યધર્મી વાંચતાં પણ જૈન બની જાય છે તો જૈનધર્મી તે વાંચતાં પરમ જૈન બને તેમાં શું નવાઇ? ૬૦ ફારમ શુમારે ૫૦૦ પાના રોયલ મોટી સાઇઝ=શેઠ નાગરદાસભાઇ પુરૂષોતમદાસ રાણપુર નિવાસીની સહાયવડે તેમની સીરીઝ તરીકે—

૨ **શ્રી ધર્મબિન્દુ ગ્રંથ**—શ્રી હરિભદ્રસૂરિ મહારાજ કૃત મૂળ તથા ભાષાંતર સાથે. આપણી શ્રી જૈન કોન્ફરન્સની એજ્યુકેશનબોર્ડે પાઠશાળાઓના અભ્યાસક્રમ તરીકે દાખલ કરેલ છે. દરેક જૈન તેનો અભ્યાસી હોવોજ જોઇએ.

૩ **શ્રી પેથડકુમાર ચરિત્ર**—અર્વાચીન ઇતિહાસીક ગ્રંથ ઉત્તમ ચરિત્ર મૂળ આ સભાએ છપાવેલ છે આ તેનું ભાષાંતર છે.

૪ **શ્રી વિમલનાથ ચરિત્ર**—વિવિધ ઉપદેશ અને ચમત્કારિક અનેક કથાઓ સહિત ( ખાસ વાંચવા લાયક )

૫ **શ્રી પ્રભાવક ચરિત્ર**—અર્વાચીન બાવીશ મહાન ( આચાર્યોશ્રી ) પુરૂષોના ચરિત્રો ( ઇતિહાસિક ગ્રંથ ).

૬ **આત્મવિશુદ્ધિ.**

## છપાઇ તૈયાર થયેલ અપૂર્વ ગ્રંથ.

## " गुरुतत्त्व विनिश्चय । "

પ્રસ્તુત ગ્રંથના કર્તા ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રીમાન્ યશોવિજયજી મહારાજ છે. ગુરૂતત્ત્વના સ્વરૂપનો સંગ્રહ વાંચકોને એકજ ઠેકાણે મળી શકે એવા ઉદ્દેશથી તેઓશ્રીએ જૈનાગમોનું દોહન કરી પ્રસ્તુત ગ્રંથમાં તેવા સંગ્રહને રોચક અને સરલ છતાં પ્રૌઢભાષામાં વર્ણવેલો છે જેનો ખ્યાલ વિદ્વાન્ વાચકોને ગ્રંથના નિરીક્ષણથી આવી શકશે.

સંસ્કૃત ભાષાને નહી જાણનાર સાધારણ વાચકો પણ પ્રસ્તુત ગ્રંથ માટેની પોતાની જિજ્ઞાસા પૂર્ણ કરી શકે તે માટે ગ્રંથની આદિમાં સંપાદકે ગ્રંથનો તેમજ તેના કર્તાનો પરિચય કરાવી ગ્રંથનો તાત્ત્વિક સાર તથા વિષયાનુક્રમ આદિ ગુજરાતી ભાષામાં આપેલ છે. અને અંતમાં ઉપયોગી પરિશિષ્ટો તથાં ઉપાધ્યાયજીના અજ્ઞાત બે અપૂર્વ ગ્રંથોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ખપી મુનિમહારાજો તેમજ ગૃહસ્થોએ મંગાવવા સાવધાન રહેવું. દરેક લાભ લઇ શકે તે માટે કિંમત અડધી રાખવામાં આવી છે. કિંમત રૂા ૩–૦–૦ ટપાલ ખર્ચ જુદું પડશે અમારે ત્યાંથી મળી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

तत्पुनर्द्विविधं कर्म कुशलरूपमकुशलरूपं च । यत्तत्र कुशलरूपं तत्पुण्यं धर्मश्चोच्यते । यत्पुनरकुशलरूपं तत्पापम धर्मश्चाभिधीयते । पुण्योदयजनितः सुखानुभवः पापोदय संपाद्यो दुःखानुभवः । तयोरेव पुण्य पापयोरनंतभेदभिन्नेन तारतम्येन संपद्यते खल्वेषोऽधममध्यमोत्तमाद्यनन्तभेदवर्तितया विचित्ररूपः संसारविस्तार इति ॥

उपमिति भवप्रपंचा कथा.

पुस्तक २४ मुं. { वीर संवत् २४५३. माघ, आत्मसंवत् ३१. } अंक ७ मो.

॥ ॐ ॥

## बदली न होय !

બદલી નહીં કોઇ કરે (૨)
હર્ષ શોક ન કરવો ભ્રાતુ !, સુખદુઃખ ફરતા ફરે. બદલી.
પૂર્વકૃત આધારે પ્રકટે, વર્તમાન સંયોગ;
અનુકૂળ પ્રતિકૂળ મળે તે, સમ્યગ્ સહવા ખરે. બદલી.
સુખ મળે તે પુન્ય ઝરણુ છે, વહેતું રાખો ખાસ;
આગામી ફલ અભિનવ મળશે, ધરો દૃષ્ટિ સૃષ્ટિપરે. બદલી.
દુઃખ અનુભવતા દૃઢતા રાખો; લાવી હૃદય વિવેક;
પુનર્બંધ ન થાએ જેથી, જે અનુકૂળ આગે કરે. બદલી.
ચાર ગતિમાં માનવ મનહર, સાક્ષી સમર્થ શાસ્ત્ર;
સમજ સહિત જીવનનૌકાની, સફર તે પાર કરે. બદલી.
સહાયક થાવું પ્રાણી પરત્વે, ફરજ બજાવા કાજ;
સદ્ આચારે જીવન શુદ્ધિ, ઇચ્છિત સ્થાન વરે. બદલી.

વેલચંદ ધનજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# જૈન સખાવત.

( ગતાંક પૃષ્ટ ૧૬૧ થી શરૂ ).

જૈન કોમની સખાવતોના વિષય પ્રત્યે દૃષ્ટિપાત કરતાં એવું ખાસ માલુમ પડે કે જાણે કે જૈનોમાં કુદરતી ગુણ હોય તેમ, જે ગમે તે માંગે અને ગમે તે લઈ કાર્ય કરવાનું હોય; તેને ફુલ નહિં તો ફુલની પાંખડી પણ મળ્યા વિના રહેતી નથી; કારણકે જૈનોની સખાવતો ઉપર કોઇ પણ જાતનો અંકુશ હોતો નથી; પરંતુ આથી જે મરો થાય છે તે શરમવાળા અને આબરૂવાળાનો છે, તેઓને તેજ કારણે જોઇતી મદદ મળતી નથી; કાંકે તેઓ હાથ લાંબો કરવાને માટે અચકાય છે અને આબરૂને વ્હાલી ગણીને બેસી, નસીબને આધીન રહી પોતાનું નિભાવી લે છે. હાલના જમાનામાં તો જાહેરમાં કીર્તિને નામે શરમ અથવા દાક્ષિણ્યતાથી અહીંતહીં ગમે તે ઠેકાણેથી સખાવતનો પૈસો મેળવી શકાય છે. પ્રાયે કરીને આપણું સખાવતી બંધારણ વગર વિચાર અને ગમે તે ખાતું ગમે ત્યાં ને ગમે તેને આપે છે; એથી કાંઇ સચવાતું નથી, કોઇને પૂછાતું નથી ને ખરૂં કામ પણ થતું નથી. આવી રીતે કોમ ઉદ્યોગી થઈ નથી. કોમના આગેવાન ખેરખાંઓ અનેક રસ્તાઓ સખાવતો માટે રજુ કર્યા કરે છે અને અનેક જાતની ચળવળ યા લખાણોથી કોમને દેખાડી આપે છે કે સખાવતનો અગાઉની રીત મુજબનો માર્ગ બદલી સખાવતના મજબૂત બંધારણવાળા ખાતાની જરૂરીઆત દર્શાવનાર એક મંડળ કરો અને એકજ મંડળ મારફતે સઘળો કારોબાર ચલાવવામાં આવે તો અનેક વ્યક્તિઓને ઇન્સાફ મળે અને લાયક અને યોગ્ય માણસોને ખરી મદદ મળી શકે. તે ઉપરાંત એકજ મંડળ સખાવતનું સઘળું કાર્ય કરે તો તેઓને કોમ પણ પૂછી શકે 'અને વિગતો અને કારણો પણ તેઓ તરફથી મળી શકે. અત્યારે મોટાઇ અને હુંપણું એજ જૈન કોમને પાછળ નાખે છે. જે કોમ શ્રીમંત ગણાય છે તે હવે પૈસારહિત થતી જાય છે; તેટલાજ સારૂ ભવિષ્યની જૈનપ્રજાને ઉપયોગી થઇ પડે તેવા જ્ઞાનના સાધનો ઉભા કરવાની જરૂરીઆત છે. ઉપર દર્શાવવામાં આવેલ એકત્ર મંડળની જો હયાતી હોય તો આવી જાતના મદદ માગનારાઓને તે તરફ મોકલાય કે જેથી કરી વ્યવસ્થાપકો તેને માટે ઘટતું કરે; જોકે આવી જાતનો પ્રયત્ન કરવો તે કંટાળાભરેલું અને ફુરસદ મેળવનારા માટેનું છે, પણ કોમની બહેતરીને માટે આવી જાતનો શ્રમ લેવાની જરૂરીઆત છે. તેટલાજ માટે જૈનકોમની જુદી જુદી જાતની સખાવતો માટે જોખમદારી ધરાવનાર એક સારા બંધારણવાળા મંડળની ખાસ જરૂરીઆત છે; કારણકે કોમનો પૈસો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જુદે જુદે ઠેકાણે વીખરાઇ જાય છે તે આવા એકત્ર મંડલની હયાતીથી અને તેની મારફતે ઉપાયો હાથ ધરવાથી હાલના કરતાં વધારે સારૂં પરિણામ લાવી શકાશે. કેટલેક ઠેકાણે અનુભવીઓ પણ સખાવતી રીતભાતથી જે કીર્તિ મેળવાય છે તે નુકશાનકારક હોવાથી અફસોસનાજ ઉદ્દગારો કાઢતા હોય છે. અગાઉના વખતના સખાવત કરનારાઓ કે જેને આપણે હમેશાં યાદ કરીયે છીએ, તેઓએ જે જે રીતે સખાવત કરી છે તેનાં કાંઇક રૂડાં ફળ આજની પ્રજા મોટે ભાગે ભોગવે છે. અને આજકાલની વગર વિચારની, કીર્તિના લોભે થતી સખાવત તેના રંગઢંગ પ્રમાણે કાર્ય કરી રહી છે અને તેથી તે પૈસા બરબાદ કર્યા બરોબર નીવડે છે. માન, મરતબો અને પોતાના મમતથી કરેલી સખાવતમાં જોકે લાખો રૂપીયા ખર્ચાતા હોવાના દાખલાઓ જોવા સારૂ અગાઉનો ઇતિહાસ જોવાની જરૂર નથી, પણ ચાલુ સ્થિતિને અનુસરતા કામો માટે માંગણી અને આજીજી કરનારાઓને જોઇએ તેવો ટેકો મળતો નથી તે ખેદનો વિષય છે.

Archbishop Whately used to say "Though he had done many things which he ought not to have done and had left undone many things which he ought to have done but he could boldly say that he had never given a six pence to a begger without enquiry"

યાને "આર્ચબીશપ વોટલી કહેતો હતો કે "પોતાને નહિ કરવા જેવી ઘણી બાબતો તે કરતો અને કરવા જેવી ઘણી બાબતો તે અધુરી મૂકતો; છતાં ચાર આના જેવી નાની રકમ પણ એક ભીખારીને આપવા સારૂ પૂરતી તપાસ કર્યા સિવાય આપતો નહોતો." આ ઉપરથી એમ સમજાય છે કે સખાવતનો ઝરો તો ચાલુજ હોવા છતાં તે રીતસરનો નહિ હોવાથી આજકાલ બેકારીનો પોકાર જ્યાં જોઇશું ત્યાં ચાલુજ છે. અનેક રીતે પૈસો ખર્ચાય છે; પરંતુ ભાગ્યેજ શ્રાવકોદ્ધાર ખાતે કદાચ જુજ જેવી રકમો ખર્ચાતી હશે. અત્યારની સ્થિતિમાં એક પણ એવું મંડળ નથી કે નોકરી–ચાકરી વિના દુ:ખી થતા આપણા ભાઇઓને રાહત આપી શકે. એકંદર દરદનો ઇલાજ થઇ શકે છે; પરંતુ ગરીબાઇ ટાળવાનો ઇલાજ શોધવામાં આપણે કાંઇ કરી શકતા નથી. અત્યારે ગરીબાઇ ટાળવાનો અને સ્વતંત્ર થવાનો એકજ માર્ગ લેખકને દૃષ્ટિગોચર થાય છે તે કોમી કેળવણી ઉપર મોટો છે. શરૂઆતમાં કેળવણીની જે કદર થતી હતી તે હાલમાં હરીફાઇને લીધે બંધ પડી છે અને વેપાર કે કામકાજના વહેવારમાં હાલની કેળવણી શું કરી શકી છે? એટલાજ માટે કોમી ગરીબાઇ કયા મૂળમાંથી જન્મ પામે છે તેના મૂળને પકડી ગરીબાઇ ઉત્પન્ન થતી અટકાવવી તે સારૂં છે. કેટલીક વખત એમ પણ બને છે કે એકત્ર બળથી જાહેર સખાવતથી ઉભા થએલ કોમી ખાતાઓ પણ જોઇએ તેવા ઉત્તમ હોતા નથી. એક વિદ્વાન જણાવે છે કે "The best Institutions of the community are not those that are the creation of united efforts;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



much less of the modern--piety hunters who like the sportive creature sometimes only chose their own tails round and round, but only those that are the sweet inspirations of the brimming, over flowing hearts of individual efforts."

" કોઈપણ કોમની ઉત્તમોત્તમ સંસ્થાઓ સમષ્ટિના પ્રયત્નના ફળરૂપ નથી હોતી, પરંતુ વ્યક્તિઓના ખરેખરા હૃદયના મધુર ઉમળકાઓનાં ફળરૂપ હોય છે. "

આપણે ઉંડો વિચાર કરીએ તો આપણી નજર આગળ અનેક સંસ્થાઓ હસ્તી ધરાવે છે પણ તેમાં દરેક ઠેકાણે અમુક વ્યક્તિગત પ્રયત્ન અને આત્મભોગનું શુભ પરિણામ જોઈશું; જાહેર જૈનપ્રજાને નામે ચલાવવામાં આવતા મંડળ માર્ફતે હજુ સુધી કોઇપણ આવા વ્યવહારીક કાર્યો આપણે જોઇ શકયા નથી, તેટલાજ સારૂ સખાવત કરનાર ગૃહસ્થો જાતે તપાસ કરી આસપાસનું જ્ઞાન લે, દુનિયાના દાખલા ને કામો જુએ અને દુરંદેશીથી જો સખાવત કરે તો આજે કોમની કાંઇક ફરિયાદ ઓછી થાય. આજે સખાવતને નામે કોમમાં એક નહિ પણ અનેક મંડળો રાહબરી કરવાનો દાવો કરી રહેલ છે અને વખત કવખત કોમનો પૈસો ખેંચી જાય છે અને વાહવાહ પોકારે છે, પણ આવા છુટાછવાયા પૈસા ખેંચાઇ જવાથી કોમને જોઈએ તેવો લાભ થતો નથી અને બીજાં કામો કરતાં મંડળના પોતાના લાભો પ્રથમ જોવાય છે અને અહીંતહીંથી નાણું એકઠું કરી કોમના શુભ કામમાં ખલલ પહોંચાડે છે અને વારેઘડીએ કોમ પાસેથી નાણાની ચાલુ માંગણી કરતાંજ રહે છે. ખરૂં કાર્ય કરવાનું હોય તેમાં કાંઇ પણ ઉપાય થતો નથી, હુન્નર ઉદ્યોગની કેળવણી ઉપર ધ્યાન કોણ આપે છે ? જમાનામાં હરીફાઈની કોમો સાથે કેવી રીતે ટક્કર ઝીલી શકાય ? ઉંચી કેળવણીની હીમાયત કરવાથી અથવા હીમાયતી થવાની શરૂઆત કરવા પછી અત્યારે કોમે કયા લાભ મેળવ્યા ? અત્યારે કોમના બંધારણ અને કોમની આબાદીમાં કયો વર્ગ આજે પોતાના પગ ઉપર ઉભો છે કે જેના ઉપર કોમ ઇતબાર રાખી શકે ? કોમની આવી સ્થિતિ છતાં બહારની જાહેર પ્રજા સમક્ષ શ્રીમંતાઇ ઓછી દેખાતી નથી; જોકે અંદરખાને તેથી ઉલટુંજ થાય છે. જે કોમમાં હુન્નર ઉદ્યોગની કેળવણી તરફ લક્ષ આપવામાં આવે અને કરકસરના ગુણને અખત્યાર કરવામાં આવે; બીનફોકટના દેખાદેખીના ખરચોને સલામ કરવામાં આવે તેમજ પોતાની સ્થિતિના પ્રમાણમાં ખર્ચ રાખવામાં અને પોતાના કુટુંબને નિભાવી લેવામાં આવે તો આશા રાખવામાં આવે છે કે ભાગ્યેજ ગરીબાઇનો ડંખ લાગશે. એટલાજ માટે હુન્નર ઉદ્યોગની કેળવણી તરફ લક્ષ ખેંચાય તોજ હાલની કોમની સ્થિતિમાં સુધારો થઇ શકે. ચાલુ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# *જૈન ધર્મની ખૂબીયો.

( લે. વાડીલાલ મોહોકમલાલ શાહ બી. એ. ( ઓનર્સ )

—:૦:—

જગતના સર્વ ધર્મોમાં, કોઇ વધુમાં વધુ પુરાતન ધર્મ માલુમ પડતો હોય તો તે શાશ્વતો જૈન ધર્મ જ છે. જો કોઈ ધર્મમાં ઉંડામાં ઉંડી, શ્રેષ્ઠ અને સત્યને સર્વાંશે મળતી ફીલસુફી શોધવી હોય તો તે જૈન ધર્મમાંથી જ શોધી શકાય. જો કોઇ ધર્મમાં અત્યારની વૈજ્ઞાનીક શોધખોળના બધા પુરાવા મળતા હોય તો તે આજ ધર્મમાં. જૈન ધર્મમાં અનેક વિષયોને લગતાં ગ્રન્થો વિદ્યમાન છે. અધ્યાત્મયોગ, નવતત્ત્વ, કર્મ, જીવાદી દ્રવ્યોનું રહસ્ય, વિગેરેને લગતાં ગ્રન્થો સેંકડોની સંખ્યામાં લખાયેલા છે. કેટલાક ગ્રન્થો વર્તન અને ચારિત્રને લગતાં પણ છે. આ રીતે ગ્રન્થોની ખામી નથી.

જૈન ધર્મ એટલે શું ? જૈનો કોણ છે ? શું અત્યારે ફક્ત જૈન નામ ધરાવતા મનુષ્યો માત્ર જૈન કહી શકાય ? જૈનોનો વાસ્તવિક અર્થ એમ થાય કે, જેણે રાગદ્વેષ રૂપી મહાન્ શત્રુઓનો પરાજય કર્યો છે તેવી મહાન વ્યક્તિઓને અનુસરનારા મનુષ્યો જ જૈન કહી શકાય. પછી ભલે તે નામથી જૈન ન કહેવાતા હોય અગર તો કેસરનો તીલક ન કરતાં હોય. જૈનોનો ધર્મ કોઇ ન્યારો જ છે. જેમાં નયાગમવાદરૂપી સ્થંભો વિદ્યમાન છે અને તેમાં તત્ત્વાદિકનું રહસ્ય ઘણી કુશળતાથી સમજાવવામાં આવ્યું છે. એવા અતિ ગહન ધર્મની ખૂબીયો પણ અતિ ગહન જ હોય એમાં જરાએ સંશય નથી. ખૂબીયો એટલે શું ? જેમ મનુષ્ય પોતાની જાતિના બીજાઓની અંદર ઉત્કૃષ્ટ થવા અગર તે બધાની આગળ આવવા માગતો હોય તો તેને માટે તેની પાસે કેટલાક મહાન ગુણો તેવાજ જોઈએ. તે પ્રમાણે જૈન ધર્મ જો ઉત્કૃષ્ટ મનાયો હોય તો તેનામાં પણ મહાન ગુણો અથવા ઉત્તમ લક્ષ્યો હોવા જ જોઇયે. આ લક્ષ્યો અથવા ગુણોને ખૂબીયો કહી શકાય.

વિષય પરત્વેની સામાન્ય સ્વરૂપની આટલી ઝાંખી કર્યા પછી વસ્તુમાં ઉંડા ઉતરવુ સહેલું થઈ પડશે. જૈન ધર્મની ખૂબીયો કઇ કઇ છે ? તેનામાં કયા ઉચ્ચમાં ઉચ્ચ આદર્શો છે ? આદર્શોની કાંઇ ખામી નથી, લક્ષ્ય અથવા ગુણ પણ બધા ગણવા જઈયે તો પાનાના પાના લખાય તોયે પાર ન આવે, માટે તેમાંના કેટલાકની ઉપરજ પીંછી ફેરવી આપણે સંતોષ માનીશું.

* શ્રી બાળમીત્ર મંડળ તરફથી લખાયેલ ઇનામી નીબંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન ધર્મની પ્રથમ ખૂબી તેની **ફીલસુફી** છે. દુનિયામાં ઘણાએ મત-મતાંતરો છે. દાખલા તરીકે વેદાન્ત, સાંખ્ય, ખ્રીસ્તી, બૌદ્ધ વિગેરે. આપણે આ દરેક મતની ફીલસુફીને જૈનમતની ફીલસુફી જોડે સરખાવીશું તો જૈન ફીલસુફીમાં ઘણું જ નવું જણાઇ આવશે. એક યુરોપીયન વિદ્વાને એટલે સુધી કબુલ કર્યું છે કે, જો કોઇ પણ ધર્મ સારામાં સારી અને સુગમ રીતે, ફીલસુફી સમજાવતો હોય તો તે જૈન ધર્મ જ છે. જૈનધર્મના જેવી અતિ ઉંડી, ગહન અને સાથે સાથે સરળ ફીલસુફી કોઇ ધર્મમાં મળવી ઘણી મુશ્કેલ છે.

" જીનવરમાં સઘળાં દર્શન છે, દર્શને જીનવર ભજનારે; "
" સાગરમાં સઘળી તટીના સહી, તટીનામાં સાગર ભજનારે. "

લગભગ સઘળાં ધર્મો જ્યારે એકાન્તવાદી છે ત્યારે આપણો ધર્મ અનેકાન્તવાદી છે. આપણા શાસ્ત્રોમાં, કોઇ પણ વસ્તુઓને જોવાને સાત પ્રકારો આપેલા છે જે પ્રકારોને નયના નામથી ઓળખીયે છીયે. એ સાત નય તે નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, એવંભૂત, સમભીરૂઢ એ પ્રકારે છે. આપણે વસ્તુના દરેક ધર્મોને નય અને પ્રમાણદ્વારા તપાસીયે છીયે. વળી જીવોની ઉત્પત્તિ, ચ્યવન અને તેના માર્ગની સારામાં સારી ઉલ્લેખના પણ જૈન ધર્મેજ કરી છે. જીવની વિગ્રહવાળી અને અવિગ્રહવાળી ગતિ, તેના ચ્યવનનો સમય વિગેરે પણ ઘણી ઝીણી રીતે સમજાવ્યો છે. જીવાજીવાદી નવતત્ત્વોને પણ ઘણીજ સરળ અને કુશળ રીતે ઓળખાવવામાં આવ્યા છે. આત્મા સંબંધી જ્ઞાન તો આવું કોઇ ધર્મમાં નથી અપાયું. આત્માનું અમરત્વ, તેનો કર્મ સાથેનો અનાદિ સંબંધ, બંધ મોક્ષ વિગેરે પ્રકરણનો ઘણોજ સચોટ ઉલ્લેખ કરવામાં આવ્યો છે. એક વિદ્વાન લખે છે કે— " જૈન સાહિત્યનો જો પુરેપુરો અભ્યાસ કરવામાં આવે તો તેમાંથી એવા આશ્ચર્યજનક અને ખરાં પરિણામ બહાર આવે કે જેની રૂએ હિંદની 'લીટરરી ક્રોનાલોજી' ના ઘણા અઘરા અને ગુંચવાડા ભરેલા સવાલોનો નિવેડો એકદમ લાવી શકાય. " આત્માના જૈન શાસ્ત્ર ત્રણ વિભાગ પાડે છે, બહિરાત્મા, અંતરાત્મા, અને પરમાત્મા. આ ત્રણે પ્રકારના આત્માના સ્વરૂપ શ્રીમદ્ આનંદઘનજીએ શ્રી સુમતિજીનના સ્તવનમાં ઘણીજ સુંદર રીતે સમજાવ્યા છે.

" આતમ બુદ્ધે કાયાદીકે ગ્રહ્યો, બહીરાતમ અઘરૂપ સુજ્ઞાની;
કાયાદીકનો હો સાખી ધર રહ્યો, અંતર આતમરૂપ સુગ્યાની.
જ્ઞાનાનંદે હો પૂરણ પાવનો, વરજીત સકળ ઉપાધી;
અતીંદ્રીય ગુણ ગણ મણી આગરૂં, ઇમ પરમાતમ સાધ સુગ્યાની. "

સ્પર્શ, રસ, ગન્ધ, વર્ણ અને રૂપના પરમાણુઓના સ્કન્ધના બનેલા શરીરને આત્મા માનવો તે ગંભીર ભૂલ છે. જે મનુષ્ય આત્માને પુદ્ગલથી ભિન્ન માને છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે પુદ્ગલમાં કદાપિ રાચે નહીં. આત્મા તો નિત્ય છે, અમર છે—કદાપિ ક્ષીણ થતો નથી.

વળી તેજ મહાત્મા, પ્રકૃતી અને પુરૂષનો સંબંધ દર્શાવતા કહે છે કે:—

" કનકોપલવત્ પયડી પુરૂષ તણીરે, જોડી અનાદી સ્વભાવ;
અન્ય સંજોગી જીંહા લગી આતમા રે, સંસારી કહેવાય.
સુજન કરણે હો અંતર તુજ પડ્યો રે, ગુણ કરણે કરી ભંગ;
ગ્રન્થ ઉક્તે કરી પંડીત જન કહ્યો રે, અંતર ભેગ સુસંગ. "

આપણા ઘણા સ્તવનોમાં આ પ્રમાણે ફ્રીલસુફીના દર્શન કરાવવામાં આવ્યા છે. જૈન ધર્મની આ ખૂબીનું વધુ વર્ણન કરવું તે પિષ્ટપેષણ કરવા જેવું હોઇ અહીંયાથીજ વિરમવું યોગ્ય ગણાશે.

અત્યાર સુધી આપણે જૈનદર્શનની ફ્રીલસુફી બીજાની જોડે સરખાવી અને તેની શ્રેષ્ઠતા સિદ્ધ કરી બતાવી. હવે આપણે તેના બીજા લક્ષ્ય તરફ નજર કરીયે.

સંયમ અને જૈનદર્શનનો સંબંધ, ઓકસીજન અને મનુષ્યના સંબંધ જેવો છે. સંયમ વિનાનું જૈનદર્શન અને જૈનદર્શનમાં બતાવ્યા પ્રમાણેના સંયમ સિવાયનો બીજો સંયમ એ બન્ને વસ્તુત: નકામા છે. સંયમ એટલે શું ? ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો તેને સંયમ કહેવાય. ઇન્દ્રિયોના નિગ્રહનું યથાર્થ સ્વરૂપ સમજાવવા માટે જૈનશાસ્ત્રમાં એક આખું સૂત્ર રચવામાં આવ્યું છે. દરેક જૈનને પંચિંદિય સંવરણો ' તો કંઠસ્થ હશેજ. પંચેન્દ્રિયની સહેજ ઓળખ કરાવવી તે આ ઠેકાણે આવશ્યક ગણાશે. પહેલી સ્પર્શેન્દ્રિય જેનો વિષય સ્પર્શ કરવાનો, બીજી ઇન્દ્રિયનું નામ રસનેન્દ્રિય, જેનો વિષય જીભ અને તેના વિષયભૂત રસને ઓળખવાનો, ત્રીજી ઘ્રાણેન્દ્રિય એટલે નાસીકા જેનો વિષય સુંઘવાનો, ચોથી ચક્ષુન્દ્રિય, જેનો વિષય જોવાનો અને પાંચમી શ્રોત્રેન્દ્રિય જેનો વિષય સાંભળવાનો છે. આવી રીતે પાંચ ઇન્દ્રિયો અને તેમનું સ્વરૂપ શાસ્ત્રમાં સમજાવવામાં આવ્યું છે. સંયમ એટલે આ પાંચે ઇન્દ્રિયોનો નિગ્રહ કરવો. સંયમનો ગુણ દરેકમાં વ્યક્તિભેદે દેશત: અથવા અંશત: હોવો જ જોઇએ. એક કવિએ ઇન્દ્રિયોને અશ્વની, શરીરને રથની, અને સારથિને જીવની ઉપમા આપી છે. જીવરૂપી સારથિ જો ઇન્દ્રિયરૂપી અશ્વ ઉપર બરાબર કાબુ ન રાખે, તો ભયંકર પરિણામ આવે. ઇન્દ્રિયોના નિગ્રહ વિના કાંઇ પણ અર્થ પ્રાપ્ત કરી શકાય નહી. દરેક દર્શનમાં ઇન્દ્રિય દમન વિષે કાંઇકને કાંઇક કહેવામાં આવ્યું છે એજ આ વસ્તુની મહત્વતાનો પુરો ખ્યાલ આપે છે; સંયમ વિનાના આત્માને પતિત થતા જરાએ વાર લાગતી નથી. આ પ્રમાણે સંયમની ઘણીજ આવશ્યકતા છે. સંયમ એ જૈન ધર્મની બીજી મ્હોટી ખૂબી છે.

આ બન્ને ગુણોની માફક અહિંસાનો ગુણ પણ આપણું લક્ષ વધુ ખેંચે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનમાર્ગમાં પગલે પગલે અહીંસાની ઉલ્લેખના કરવામાં આવી છે. બલ્કે એમ પણ કહી શકાય કે જૈનમાર્ગ અહિંસામય છે. જૈનમાર્ગ એટલે અહિંસા, જો કોઇપણ ધર્મ અહીંસા તરફ ખાસ વજન મુકતો હોય તો તે જૈનધર્મ જ છે. અહીંસા એટલે દરેક જીવનું પાલન કરવું અને કોઇપણ જીવની વિરાધના ન કરવી, પછી ભલે તે એકેન્દ્રિય હોય કે પંચેન્દ્રિય. દરેક પ્રાણી તરફ સમભાવ રાખવો. પછી ભલે તે આપણો મીત્ર હોય યા વૈરી હોય. " ધર્મને નામે અનેક જીવોનો નાશ કરીને પોતાનો ધર્મ ફેલાવવો એવી કેટલાક પંથોની માન્યતા છે. જૈનધર્મ તો સત્ય પ્રકાશથી એમ કહે છે કે અન્ય ધર્મ ઉપર દ્વેષ ચિંતવવો નહીં, અન્યધર્મ પાલનારાઓને મારવા અગર દુ:ખી કરવા નહી, અને મનથી પણ તેમનું ભૂંડું ચિંતવવું નહી, " આ સ્થાને કહેવું જરૂરનું છે કે એક ખરાબમાં ખરાબ જૈન સારામાં સારા જૈનેતર કરતાં વધારે અહિંસા પાળતો હશે. " વિશ્વવલ્લભ શ્રી વીરદેવના ત્યાગમાર્ગનો ચમત્કાર એ છે કે તેનો સ્વીકાર કરનારાઓ તરફથી અનાયાસે વિશ્વ માર્ગને નિર્ભયતા પ્રાપ્ત થાય છે. " આપણે તો હજી ઘણા દેશો અને કોમોને જૈન માર્ગ એટલે અહિંસા માર્ગને અનુસરતા કરવા બાકી છે, માટે આપણે તો અહિંસાને જરાએ વિસારે મુકવી જોઇએ નહીં આપણા મુનિરાજો એક દેશથી બીજે દેશ વિચરી શકે નહી; પરંતુ આપણા પંડિત સમૂહને તો આપણે બહાર મોકલવા જ જોઇએ. આપણે એકલા શ્રાવક મટીને જૈન થવું જોઇએ. આપણે અહિંસાનો ઉપદેશ ફકત સાંભળવાનો નથી પણ આચરણમાં મુકવાનો છે. અહિંસા આપણા આત્માની સાથે એક થવી જોઇએ. આપણને એટલી તો મગરૂરી હોવી જ જોઇએ કે, કયારે એક પણ વ્યકિત અહિંસારૂપી અમૃત સરોવરમાં સ્નાન કર્યા શિવાય ન રહે. અહિંસા જૈનધર્મની મ્હોટામાં મ્હોટી ખૂબી યાને આદર્શ છે. અહિંસા માટે આટલું સ્પષ્ટીકરણ પુરતું થઇ પડશે.

શ્રી વીરપ્રણીત ધર્મની ચોથી ખૂબી 'સત્ય' છે. એક વિદ્વાને જૈનોની વ્યાખ્યા આપતાં કહ્યું છે કે જૈન એટલે " અહિંસા સત્ય અને સંયમના અભિલાષી. " અઢાર પાપસ્થાનકની અંદર અસત્યને અગ્રસ્થાન આપવામાં આવ્યું છે, તે ઉપરથી સત્યની જૈનધર્મમાં વિશીષ્ઠતા સ્પષ્ટ રીતે જોઇ શકાશે. સત્ય બોલવામાં કોને ઉપસર્ગો નથી નડયા. કેટલાએ દાખલાઓ આપણને શાસ્ત્રમાંથી મળી આવે છે કે જેમાં સાધુ યાને શ્રાવકોને સત્ય બોલતાં રાજાઓના મહાન્ દંડ યાને તેમના તરફથી ક્રૂરતાની બીક રહેતી. આપણે એમ પણ જાણીએ છીએ કે તેઓએ તેમના ઉપર થતા બધાએ ઉપસર્ગો સત્ય બોલવાથી હણ્યા છે. જૈનમાર્ગ કે જે એકલી વાચામાં પણ (વાયુકાયના જીવો હણાય તેથી) પાપ માનનારો છે તે અસત્ય વાણીમાં કેટલું પાપ માનતો હશે તેનો ખ્યાલ સુજ્ઞજન પોતે કરી લેશે, સત્યવાણી ઘણે ભાગે કટુ હોય છે. કારણ હંમેશા તેનાથી સ્વાર્થી જનોની સ્વાર્થતાને હાનિ પહોંચે છે. ક્યારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સત્યવાણીથી લોકો પહેલાં સંતોષ પામે છે ? સત્ય વચનના ફાયદા હમેશાં પછીજ માલુમ પડે છે માટે સત્ય બોલવામાં કોઈપણ ઉપસર્ગોથી ડરવું જોઈએ નહી, સારૂં કાર્ય કરતાં ડરવું એ કાયરતાનું લક્ષણ છે. સત્ય, હિત, મીત, ભાષા બોલવી એ જો સુકાર્ય હોવાથી તે સુકાર્ય પણ કોઇ પણ ભોગે દરેક વ્યકિતએ કરવું જોઇએ.

આ બધાની સાથે જૈનધર્મમાં દયા, ક્ષમા અને શુરતાના પણ પાઠો શીખવવામાં આવ્યા છે. ક્ષમા અને દયાના ઉદાહરણ માટે મહાવીરસ્વામી અને ગોશાળાનો દાખલો પુરતો છે. પ્રભુએ દીક્ષા ગ્રહણ કર્યા પછી કુમાર નામના ગામમાં કાયોત્સર્ગ કરવો શરૂ કર્યો, તે વખતે કોઈ એક ગોવાળ ત્યાં ઢોરો ચરાવતો આવ્યો. પ્રભુ પાસે આવી તેમની પાસે તેના ઢોરો મુકી કામ પ્રસંગે આગળ ગયો, ફરી આવીને જુવે તો ઢોરો નહી. છેવટે એણે નિશ્ચય કર્યો કે ઢોરોને પ્રભુએજ સંતાડેલા હોવા જોઇએ એવો નીશ્ચય થતાંજ ઢોરોને પ્રભુ પાસેથી લેવાને ગોવાળીએ પ્રભુને ઘણુંજ દુઃખ દીધું—જેવું કે કાનમાં ખીલા ઠોકવા, પગ ઉપર ખીર રાંધવી વિગેરે. તે વખતે ઈંદ્રે આવીને પ્રભુને વિનંતી કરી કે “ હજી બાર વર્ષ સુધી આપને ઉપસર્ગોની પરંપરા થવાની છે, જો આપ કૃપા કરી રજા આપો તો હું તેનું નિવારણ કરવા માટે આપની સાથે રહી સેવકનું કાર્ય કરૂં” પ્રભુએ ઉત્તર આપ્યો કે “ તીર્થંકરો પારકાની સહાયની કદાપિ અપેક્ષા રાખતા નથી.” પ્રભુએ ગોવાળીઆના સઘળા ઉપસર્ગો સહન કર્યા અને છેવટે ગોવાળને ક્ષમા પણ આપી, અને આ રીતે પોતાની દયા બતાવી. સર્વ ધર્મોનું મૂળ દયા છે. જ્યાં દયા નથી ત્યાં ધર્મ નથી. જે ભવ્ય મનુષ્યોના હૃદયમાં દયા હોય તે અન્ય ઉપર ક્રોધ કરે નહી, તેમ અન્યની નિંદા કરતો પણ અચકાય. દયાની પરિપૂર્ણતાએ પહોંચવાથી આત્મા પરમાત્માને પ્રાપ્ત કરે છે.

શૂરવીરતા માટે પણ ચરમ તીર્થંકર ભગવાન મહાવીર ઓછા મશહૂર નથી, બાલ્યાવસ્થાની અંદર આમલકી ક્રીડા વખતે ઝાડની ડાળીએ વીંટળાઇ રહેલા ભોરીંગ ફણીધરને ઉપાડીને ફેંકી દેવામાં, વળી તેજ ક્રીડા કરતી વખતે, દેવ તેમની બહાદુરીની પરીક્ષા કરવા આવેલા અને તે વખતે પ્રભુને પોતાના સ્કંધ ઉપર બેસારી જયારે રૂપ વિકુર્વવા માંડયુ ત્યારે પ્રભુએ અવધિજ્ઞાનથી જાણી, મુષ્ટીના એકજ પ્રહારથી તેને અસલ સ્વરૂપમાં લાવી દેવામાં, પ્રભુએ જનતાને શૂરવીરતાના અજબ દાખલાઓ બોધ માટે આપ્યા છે. આવા તો ઘણા દાખલા જૈન કથાઓમાંથી મળી આવશે.

જૈન માર્ગ જો આદર્શો આપીને સફળતા માનતો હોત તો કદિપણ તેની આટલી બધી ઉચ્ચ કોટીમાં ગણુના ન થાત. તે આદર્શો આપે છે અને સાથે સાથે, એ આદર્શોને વર્તનમાં મૂકનાર કૃતાર્થ જીવોના અક્ષરશઃ સાચા દાખાલાઓ પણ આપે છે. કયો જૈન બાળક, કલીકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય, કુમારપાળ, હીરવિજય-સૂરિ, વીમલમંત્રી, ઢંઢણકુમાર, મેતાર્યમુનિ વગેરે મહાન પુરૂષોના દાખલાઓથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માહીતગાર નહી હોય? જૈન ધર્મ આવા મહાન્ પુરૂષોના ચરિત્રોને લઇનેજ દુનિયાના ચારે ખુણામાં પ્રશંસાને પાત્ર થાય છે. જૈન ધર્મ જીવ અને શરીરને ભિન્ન બતાવે છે; એટલુંજ નહી, પણ જીવ અને શરીરનું સત્ય સ્વરૂપ પણ યથાર્થ રીતે સમજાવે છે અને જીવ અને શરીરને ભીન્ન પણે માનતા જીવો અક્ષય પદવી પામ્યા તેના વૃતાંત્તો પણ પુરા પાડે છે. કોઇ મનુષ્ય પોતાનો આચાર ( Character ) ઉચ્ચ આદર્શો પ્રમાણે ઘડવા ધારે, તો તે જૈન ધર્મના આધારે સહેલાઇથી કરી શકે છે. કયા ધર્મે ગુણીકાના ઘરમાં રહી ગુણીકાનેજ બોધવાનો દાખલો આપ્યો છે? કયા ધર્મે એક પળવારમાં હજારો રાણીઓ સહિત મહાન્ સમૃદ્ધિવાન રાજાધિરાજાઓને સંસારની અસારતા જણાતા સંયમ લેતા બતાવ્યા છે? કયા ધર્મના સાધુઓ આપણા શાસન રક્ષક સાધુ સાધ્વી માફક અખંડ પંચ મહાવ્રત સહિત સંયમ પાળે છે? રામાયણ કે મહાભારત તપાસો, કુરાન અને બૌદ્ધના ગ્રંથો જુઓ; પરંતુ કોઇ જગ્યાએ આવો અડગ સંયમ તો નહીજ મળે. એક ઇતિહાસ કર્તા કહે છે કે "અત્યારે લગભગ આખી દુનિયા માંસાહારી થઇ ગઈ છે, અને જો કોઇપણ ધર્મ તે ફરી શાકાહારી બનાવી શકે તો તે ફક્ત જૈનધર્મ જ છે." હું તો નથી માનતો કે એની જોડી અત્યારના પ્રચલિત કોઇપણ ધર્મમાંથી મળી શકે. જ્યારે બીજા ધર્મોના ઉંડા રહસ્યમાં ઉતરીયે છીયે ત્યારે ચોકખું માલુમ પડે છે કે તેમના સઘળા આદર્શ સિદ્ધાંતોનું મૂળ જૈનધર્મજ છે. જૈન ધર્મ પૂર્ણિમાના ચંદ્રની માફક તારાઓના તેજને નિસ્તેજ કરી દુનિયા ઉપર પોતાની સંપૂર્ણ સત્તા પાડી રહ્યો છે. દુનિયાને રંજાડી રહ્યો છે, અને ભવ્યોને બોધ આપી રહ્યો છે. આવા મહાન ધર્મની ખૂબીઓ પણ મહાન હોય એમાં શંકા શી!!

## "માનવી શિવઘેલા"

૧ મહા મોંઘો મીઠો ધર્મ ધાર, માનવી શિવઘેલા!
થાવા આત્મા તણું કલ્યાણ, માનવી શિવઘેલા!
અણમોલો માનવ ભવ જાણ, માનવી શિવઘેલા!
માટે આવેલી પળ રૂડી સાધ, માનવી શિવઘેલા!

૨ પુરૂષાર્થ કહ્યા શાસ્ત્રમાં ચાર, માનવી શિવઘેલા!
કામ અર્થને ધર્મ મોક્ષ માન, માનવી શિવઘેલા!
ધર્મ ધાર્યાથી અન્ય ત્રય સધાય, માનવી શિવઘેલા!
અવલંબન તું તેનું સ્વીકાર, માનવી શિવઘેલા!

૩ જીનધર્મનાં ચાર પ્રકાર, માનવી શિવઘેલા!
દાન, શિળ, તપ, ભાવના ચાર, માનવી શિવઘેલા!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મૂકી મનની મલિનતાને પામ, માનવી શિવઘેલા !
પાળ પ્રીતથી તત્વ સિદ્ધાન્ત, માનવી શિવઘેલા !
૪ મહા મંત્ર અહિંસા નિત જાપ, માનવી શિવઘેલા !
રાગ દ્વેષને કષાય ચાર ટાળ, માનવી શિવઘેલા !
જ્ઞાન, દરશન, ચારિત્ર પદ પામ, માનવી શિવઘેલા !
મોટો મહિમા તે રત્નનો મનાય, માનવી શિવઘેલા !
૫ તત્વ દેવ ગુરૂ ધર્મ ઉર સ્થાપ, માનવી શિવઘેલા !
ગ્રહી ગુણ દુર્ગુણ દૂર કાઢ, માનવી શિવઘેલા !
શુદ્ધ થઇ કર શુદ્ધ નિજ આત્મ માનવી શિવઘેલા !
જીન આજ્ઞા શિરે સદા ચઢાય, માનવી શિવઘેલા !
૬ ક્ષણભંગુર આ કાયા પીછાણ, માનવી શિવઘેલા !
વહી જાશે સોનેરી તક સાધ, માનવી શિવઘેલા !
પીલે વીરની સુધા ભરી વાણ, માનવી શિવઘેલા !
ભાગ ભિતિને ભવના ભાર, માનવી શિવઘેલા !

રચનાર:—**મણીલાલ માણેકચંદ** મહુધાવાલા,
શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

---

# પરિશ્રમ અને કાર્ય.

( ગતાંક પૃષ્ટ ૧૭૦ થી શરૂ )

**વિઠ્ઠલદાસ મૂ. શાહ.**

નકામો બકવાદ કરવાની અપેક્ષાએ કાંઇને કાંઈ કામ કરવું એજ સારૂં છે. ડૉ. જોન્સને કહ્યું છે કે—" વાતો પૃથ્વીની કન્યાઓ સમાન છે પરંતુ કાર્ય સ્વર્ગના પુત્ર સમાન છે. " આપણે જે કાંઇ કાર્ય કરીએ તેમાં આપણી સર્વ શકિતઓ વાપરવી જોઇએ; જો આપણે આપણી શકિતઓનો ઉપયોગ નહિ કરીએ તો અવશ્ય તેનો નાશ થઇ જશે. માત્ર શકિતઓનોજ નાશ થશે એટલુંજ નહિ પણ આપણો નાશ થઈ જશે. એક વિદ્વાને કહ્યું છે કે " આ સંસાર ભીખ માગનારાઓ માટે નથી, પરંતુ તેઓને માટે છે કે જેઓ લડે છે, ઝગડા કરે છે અને વિજય પ્રાપ્ત કરે છે. "

પુરેપુરો પરિશ્રમ કર્યા વગર તેનું ફળ પ્રાપ્ત કરવાની ઇચ્છા કરવી તે મોટી મૂર્ખાઈ છે. સંસારમાં પ્રત્યેક વસ્તુની કાંઇને કાંઇ કિંમત હોય છેજ, તે કિંમત આપ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વગર તે વસ્તુની પ્રાપ્તિ અશકય છે. કદાચ કોઈ રીતે વગર મૂલ્યે, વગર પરિશ્રમે તે વસ્તુ આપણે પ્રાપ્ત કરીએ તો પણ આપણે તેને કદાપિ રક્ષિત નહિ રાખી શકીએ. આપણે તેની કદર નહીં કરીએ અને આપણે તેને જલ્દી ખોઇ બેસવાના; પરંતુ આપણે પુરેપુરો પરિશ્રમ કરીને તે વસ્તુ પ્રાપ્ત કરશું, મૂલ્ય આપીને કોઇ વસ્તુ લેશું તો જરૂર આપણે તેનો સારી રીતે ઉપયોગ કરી શકશું. કોઇ માણસને તેના પૂર્વજોનું ઉપાર્જિત ઘણું ધન મળી જાય, તો પણ તેના રક્ષણને અર્થે તેને પરિશ્રમ કરવોજ પડે, નહિ તો તે સઘળું દ્રવ્ય વ્હેલું મોડું નષ્ટ થઇ જવાનું. એ ઉપરાંત એ ધન પ્રાપ્ત કર્યા પછી તેણે એમ પણ સમજવું જોઇએ કે એ ધનનો સંગ્રહ કરવામાં મારા પૂર્વજોને ઘણોજ પરિશ્રમ પડયો હશે અને તેઓના પરિશ્રમનું ફલજ મને મળ્યું છે. એવી સ્થિતિમાં તેને માટે એજ ઉચિત છે કે તેણે પરિશ્રમ પૂર્વક એ ધનનું રક્ષણ કરવું જોઇએ અને તેની વૃદ્ધિ કરવી જોઇએ જેથી ભવિષ્યમાં તે વડે બીજાનું કલ્યાણ થઇ શકે.

પરિશ્રમનું મહત્વ એટલું બધું છે કે સંસારમાં સઘળાં કાર્યોમાં તેની થોડી ઘણી આવશ્યકતા પડેજ છે. જો આપણે કેવળ શારીરિક સુખજ ઇચ્છીએ, તો તેને માટે પણ આપણે કોઇ પણ પ્રકારનો યત્ન કરવાની આવશ્યકતા છેજ. કાર્ય જેટલું મોટું હોય છે, તેના પ્રમાણમાં તેને માટે અધિક પરિશ્રમની આવશ્યકતા છે. પરિશ્રમ જેટલો વધારે કરવામાં આવે છે તેનું ફળ પણ તેટલુંજ વધારે અને સરસ આવે છે. જે મનુષ્ય સુખી થવા ઇચ્છે છે તેણે હમેશાં પરિશ્રમ કરવો જોઇએ. એક વિદ્વાને તો શ્રમને બુદ્ધિથી પણ શ્રેષ્ટ ગણ્યો છે, અને જ્યારે આપણે જોઇએ છીએ કે સાધારણ બુદ્ધિવાળા લોકો પણ પરિશ્રમ કરીને ઘણુંજ મહત્વ પ્રાપ્ત કરી લે છે અને મોટા મોટા બુદ્ધિમાન લોકો આળસુ બનવાથી જ્યાં ને ત્યાં રહે છે ત્યારે ઉકત સિદ્ધાંતની સત્યતામાં કશો સંદેહ નથી લાગતો. જે બુદ્ધિમાન મનુષ્યે સંસારમાં ઉન્નતિ સાધી હોય છે તેને પણ તે ઉન્નતિને અર્થે થોડો ઘણો શારીરિક પરિશ્રમ કરવો પડયો હોય છે. જે લોકો એમ સમજે છે કે બુદ્ધિમાન લોકો શારીરિક પરિશ્રમ ઓછો કરે છે, અને બેઠા બેઠાજ બુદ્ધિને આધારેજ સુખચેન ભોગવી રહ્યાં છે તેઓ ભૂલ કરે છે. જો મોટા મોટા રાજકર્મચારી પુરૂષો આરામ ખુરશી પરજ પડયા રહે તો કાંતો તેઓને પોતાના પદ ઉપરથી અલગ કરવામાં આવે અને કાંતો તેઓ રાજ્યનોજ નાશ કરે. મુગલસામ્રાજ્ય સ્થાપિત કરવા માટે અકબરને શું ઓછો શારીરિક પરિશ્રમ કરવો પડયો હતો ? બાલાજી વિશ્વનાથ અને નાનાફડનવીસ વિગેરે જો આળસુ હોત તો પેશ્વાઓના દરબારમાં તેઓને કોણ પૂછત ? મોટા મોટા આપણાં શાસ્ત્રીય ગ્રંથો જોઇને પણ આપણે ચકિત થઇ જઇએ છીએ. શું તે ગ્રંથોના લેખકોએ કેવળ બુદ્ધિબળથીજ કામ લીધું હતું ? ' સિદ્ધાંત કૌમુદી ' લખવામાં ભટ્ટોજી દીક્ષિતને શું ઓછો પરિશ્રમ પડયો હશે ? ' કાવ્ય પ્રકાશ ' શું સહજમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લખાઇ ગયું હશે ? તે લખવા માટે તે વખતના સર્વ કાવ્યોનું અવલોકન કરવાનું અને અલંકારોનો વર્ગ નિશ્ચય કરીને તેના લક્ષણુ નિર્ધારિત કરવાનું કામ શું સહજ છે ? આર્યભટ્ટ, વરાહ મિહિર, અને ભાસ્કરાચાર્યે શું પડયા પડયાજ જ્યોતિષ શાસ્ત્રના આવા મોટા ગ્રંથો લખી નાંખ્યા હશે ? આધુનિક જ્યોતિષીઓએ અત્યંત પરિશ્રમ કરીને જે મહાન યંત્રો બનાવ્યા છે તેની ભાસ્કરાચાર્યના સમયમાં કોઇને કલ્પના પણ નહોતી પરંતુ તેમણે જે સિદ્ધાંત નિશ્ચિત કર્યા છે તે હજુ પણ બરાબર ઠીક ઉતરે છે. એ કાર્ય કોઇ સાધારણ પરિશ્રમથી શકય નથી. જે ગીતા રહસ્યની જેવો કોઇ ગ્રંથ શોધી કાઢવામાં ઘણાજ પરિશ્રમની આવશ્યકતા છે તે ગ્રંથ-રત્ન લખવા માટે લો. તિલક મહારાજને ઘણે ભાગે ત્રીસ વર્ષ સુધી પરિશ્રમ કરવો પડ્યો હતો. ડો. જગદીશચંદ્ર બોઝ ગાદી તકીયા ઉપર પડયા પડયા આવા જબરજસ્ત વૈજ્ઞાનિક નથી થયા. વૈજ્ઞાનિક પરિક્ષાઓ પસાર કરવા માટે તેમને વર્ષોસુધી દિવસ રાત પરિશ્રમ કરવો પડયો છે. સુપ્રસિદ્ધ અંગ્રેજ વૈયાકરણી કોલેટે--અત્યંત દરિદ્રાવસ્થામાં મહાન્ કઠિનતાઓ સહન કરીને રાત્રિઓ સુધી જાગીને પોતાનું વ્યાકરણ બનાવ્યું હતું. એ વખતે તેઓ હમેશનાં કેવળ છ આનાની નોકરી કરતા હતા. દિવસે તેમને પોતાના શેઠનું કામ કરવું પડતું હતું અને રાત્રે બેસીને તેઓ વાંચતા લખતા હતા. ધનાભાવને લઇને તેઓ તેલની બત્તી પણ ખરીદી શકયા નહોતા. સગડીના કોલસાના ઝગમગતા પ્રકાશની મદદથી તેને વાંચવું લખવું પડતું હતું, પોતાની ઘોર દરિદ્રતા અને ઘોર પરિશ્રમનું હૃદયવેધક વર્ણન કરીને તે પોતે પૂછે છે કે " જ્યારે હું આવી સખ્ત મુશ્કેલીઓ સહન કરીને પણ આટલું કષ્ટ સાધ્ય કાર્ય કરી શકયો છું ત્યારે શું સંસારમાં એવો એક પણ યુવક છે કે જે પોતાનું કામ ન કરી શકવા માટે કોઇ બ્હાનું બતાવી શકે ?

કોબેટની પાસે ધન નહોતું, પરંતુ તેનામાં સાહસ અને બળ હતા. તેને કામ કરવાની ઇચ્છા હતી અને તે પરિશ્રમનું મહત્વ સમજતા હતા, ત્યારેજ તે આટલું મોટું કામ કરી શકયા. સુયોગ્ય અને સમર્થ લોકો કદિપણ પોતાની પરિસ્થિતિઓની અથવા સાધનોની દરકાર કરતા નથી; તેઓ સારી રીતે જાણે છે કે દ્રઢપ્રતિજ્ઞ મનુષ્યો સાધનોના અભાવે પણ કામ કરી શકે છે. પોતાની સામે પડનારી પ્રત્યેક વસ્તુને તેઓ પોતાની કાર્યસિદ્ધિનું સાધન બનાવે છે. તેઓનાં મુખમાંથી કદિપણ કોઇ બ્હાનું નીકળતુંજ નથી. બ્હાનાં તો તેઓ બતાવે છે કે જેનામાં યોગ્યતા બિલ્કુલ હોતી નથી. જેઓમાં સામર્થ્યનો અભાવ હોય છે. એક વિદ્વાનનો એવો મત છે કે આજકાલના લોકોનો એક મોટો દોષ એ છે કે તેઓ ધનનું મહત્વ જરૂર કરતાં વધારે સમજે છે અને પોતાના બળ અથવા પરિશ્રમનું મહત્વ ઓછું સમજે છે. અને ઘણા ખરા લોકોની દુરવસ્થાનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ મુખ્ય કારણુ એજ છે. જે મનુષ્યને પોતાનાં બળનો વિશ્વાસ હોય છે, જે પૂર્ણ-પરિશ્રમ કરે છે તે સઘળી સ્થિતિમાં કામ કરી શકે છેજ.

એમર્સને એક સ્થળે લખ્યું છે. " પ્રકૃતિ મનુષ્યને કહે છે કે–તમને કામનો બદલો મળે કે ન મળે, તોપણુ હમેશાં કામ કરતા રહો. તમે હમેશાં કામ કરતા રહેશો તો તેનો બદલો તમને અવશ્ય મળશેજ. તમારૂં કામ ઉંચા પ્રકારનું હોય કે હલકા પ્રકારનું, તમે ખેતી કરતા હો કે કવિતા કરતા હો, તે તમે સાચી દાનતથી કરો, મન પરોવીને કરો. એવી રીતે કરો કે તેનાથી તમને સંતોષ થઇ જાય, એનાથી તમારૂં માનસિક સમાધાન થશે. અને એજ સાૈથી મોટો બદલો છે. તમે વારંવાર વિફલ–મનોરથ થાઓ તોપણુ તેની જરાપણુ પરવા ન કરો. અમુક કાર્ય સિદ્ધ થાય એજ સારી રીતે કાર્ય કરવાનો બદલો છે. "

કોઇપણુ કાર્ય કરવામાં કદિપણુ અનાવશ્યક શીઘ્રતા ન કરવી જોઇએ. કેમકે જે કાર્યમાં અનાવશ્યક શીઘ્રતા કરવામાં આવે છે તે કદિપણુ સારૂં થતું નથી, એમાં અનેક દોષ આવી જાય છે. કેટલાક એમ સમજે છે કે ઉતાવળ કરવાથી સમયનો બચાવ થાય છે, એ સમજણુ ભૂલ ભરેલી છે. ઘણે ભાગે તો ઉતાવળથી કરેલું કાર્ય બગડે છે અને વધારે સમય લગાડીને ફરીવાર કરવું પડે છે, અને પરિશ્રમ પણુ બમણો લેવો પડે છે, જે કાર્યમાં અનાવશ્યક શીઘ્રતા અથવા ઉતાવળ નથી કરવામાં આવતી તે કાર્ય સારી રીતે પુરૂં થાય છે. એક મહાત્માનો ઉપદેશ છે કે " તમારી યાત્રા સમાપ્ત કરવામાં ચિત્ત લગાડો, ઉતાવળા થઇને તેના અન્તની ચિંતામાં ન પડી જાઓ, એ રીતે તમને આસપાસના પ્રદેશની શોભાઓ જોવાનો અને અનુભવ પ્રાપ્ત કરવાનો પણુ અવસર મળશે અને તમે ઉતાવળના દુષ્પરિણામથી પણુ બચી જશો. એ રીતે આગળ વધતાં વધતાં કેટલાક સમય પછી જ્યારે તમે પાછું ફરી જોશો ત્યારે તમે કેટલો રસ્તો કાપ્યો છે એ જોઈ આશ્ચર્ય થશે. જો તમે હમેશાં માત્ર ત્રણુ માઈલ ચાલો તો એક વરસમાં હજાર માઇલથી પણુ વધારે યાત્રા પુરી કરી શકો. "

દરેક મનુષ્યને માટે ઉચિત છે કે તેણે જે કાર્ય શરૂ કર્યું હોય તેની અંદર પુરેપુરૂં ધ્યાન આપવું અને પોતાની સઘળી શક્તિઓ જોડી દેવી. અધ્યવસાય પૂર્વક કોઇપણુ કામમાં લાગી રહેવું એજ સફળ થવાનું સાૈથી ઉત્તમ અને મહાન સાધન છે એટલુંજ નહિ પણુ તેજ જીવનનો મુખ્યમંત્ર છે. એટલા માટે આપણે જે કાર્ય કરવું તે પૂર્ણરૂપેજ કરવું. જે કાર્યમાં આપણે આપણું તન, મન અને ધન લગાવીએ તેજ પુરેપુરૂં અને સારૂં થાય છે અને તેનાથીજ આપણને પુરૂં સુખ મળે છે.

કોઇપણ એક કાર્યમાં લાગીને તેમાં પારંગત થવું એ ઘણાં કાર્યોમાં લાગીને કાંઈપણુ ન કરવું એ કરતાં વધારે સારૂં છે. જે માણસ જે કામમાં જેટલો વધારે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દત્તચિત્ત બને છે, તે તે કામમાં તેટલીજ સફળતા પ્રાપ્ત કરે છે. પ્રસિદ્ધ અંગ્રેજ નવલકથાકાર ડિકન્સે કહ્યું છે કે "જે જે કામ મેં હાથમાં લીધું તેને મેં બહુ ધ્યાનપૂર્વક અને સારી રીતે કર્યું. મારી સમજમાં કામ કરવાનો સૌથી સરસ નિયમ એ છે કે જે કાર્યમાં માણસ પોતાની સઘળી શકિતઓનો ઉપયોગ ન કરી શકે એમ હોય તે કામ તેણે હાથમાં ન જ લેવું." પ્રત્યેક મનુષ્યે પોતાને માટે પહેલ વહેલું કોઈ કાર્ય સારી રીતે વિચાર કરીને અને નિશ્ચય કરીને હાથમાં લેવું જોઇએ, પોતાના જીવનનો ઉદ્દેશ સ્થિર કરી લેવો જોઇએ, અને ત્યારપછીજ તેમાં પોતાની બધી શકિતઓ વાપરવી જોઇએ. આજકાલ લોકોનો મોટો ભાગ દુ:ખી અને અયોગ્ય જણાય છે, તેનું મુખ્ય કારણ એ છે કે હરેક માણસ દરેક કામ કરવા ઇચ્છે છે. સ્કૂલો તથા કોલેજોમાંથી સારા સારા પ્રખર વિદ્વાનો નહિ નીકળવાનું પણ મુખ્ય કારણ એ જણાય છે કે પ્રત્યેક વિદ્યાર્થીને અનેક વિષયોનું અધ્યયન કરવું પડે છે. તેની શક્તિ એટલા બધા વિષયોમાં રોકાઈ જાય છે કે તેને કોઇ વિષયનું સારૂં જ્ઞાન થઇ શકતું નથી. પ્રારંભની શાળાઓમાં જ નાના નાના બાળકોને અનેક વિષયો શીખવા પડે છે. એક બાળક આટલા બધા વિષયો એક સાથે કેવી રીતે સમજી શકે ? પરિણામ એ આવે છે કે બાળક કોઇ એક વિષયનું પણ સારૂં જ્ઞાન પ્રાપ્ત કરી શકતો નથી. એજ સ્થિતિ સંસારમાં સર્વ કાર્યોની છે. કોઇ એક કાર્યને માટે મનોયોગનો અભાવ જ આજકાલના લોકોનો મહાન્ દોષ છે. આપણું મન સર્વ વિષયોમાં અહિંતહિં ભટકતું ફરે છે; પરંતુ કોઈ વિષય ઉપર દૃઢતાપૂર્વક જામતું નથી. આમ થવાથી સઘળી શક્તિનો નાશ થઇ જાય છે અને આપણે કશું કાર્ય કરી શકતા નથી.

કોઇ પણ વિષયના મહાન્ જ્ઞાતા, વિદ્વાન અથવા કર્ત્તાને જોઇએ તો તેની અંદર પ્રધાનગુણ આપણને એ જણાશે કે તેણે પોતાના કાર્યમાં પોતાની સઘળી શક્તિ લગાવી દીધી હોય છે. કોઇ મહાન્ નૈયાયિક અથવા વૈયાકરણને જોઇએ તો આપણને જણાશે કે તેણે પોતાનો સઘળો સમય ન્યાય અથવા વ્યાકરણના જ અધ્યયનમાં વ્યતીત કર્યો છે. કોઇ મહાન્ ગવૈયાને અથવા પહેલવાનને જોઇએ તો તેણે જીંદગીભર ગાવામાં અથવા કુસ્તી કરવામાં જ બધો સમય ગાળ્યો છે એમ આપણને જણાશે. તાત્પર્ય એ છે કે જે કામ આપણે કરવા ઇચ્છતા હોઇએ તે કામમાં આપણે દિનરાત મંડ્યા રહેવું જોઇએ.

જે કાર્ય આપણે હાથમાં લઇએ તે આપણે આપણું કર્ત્તવ્ય સમજીને કરવું જોઇએ અને તેમાં આપણું મન સારી રીતે લગાવવું જોઇએ. એ વગર કોઇ પણ કાર્ય કદિ સારી રીતે થઇ શકતું નથી. જો કોઇ કામમાં આપણને કાંઇ મુશ્કેલી લાગે તો આપણે તેનાથી ગભરાવું ન જોઇએ અને તેમાં બરાબર મંડ્યા રહેવું જોઇએ. જો આપણે કોઇ કાર્ય ઘણા ઉત્સાહપૂર્વક આજ શરૂ કરીએ અને પાંચ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દશ દિવસ પછી આપણો પહેલાંનો ઉત્સાહ શિથિલ પડી જાય તો એ કાર્યનું પરિણામ શું આવશે ? કંઇ પણ નહિ. કેવળ સમય અને શક્તિનો નાશ થશે; પરંતુ જો આપણે હમેશાં શાંતચિત્તથી માર્ગમાં આવનારી મુશ્કેલીયો દૂર કરવાના ઉપાય વિચાર્યા કરશું તો અવશ્ય આપણો માર્ગ સુગમ બની જશે. એક અંગ્રેજી કહેવતનો એવો અર્થ છે કે જે કામ આપણે કરવા ઇચ્છતા હોઇએ તેને માટે કોઇ ને કોઇ ઉપાય મળી આવે છેજ. એ ઉપાય હમેશાં શાંતચિત્ત રહેવાથી જ મળી આવે છે. ગભરાવાથી અથવા હતાશ થવાથી નહિ. કઠિનતાઓ અને વિઘ્નોથી ગભરાવું અને હતાશ થઇને કોઇ કાર્ય અધવચ તજી દેવું એ કાયરતા, દુર્બલતા અને અકર્મણ્યતાનું લક્ષણ છે. જે મનુષ્યને પોતાની શક્તિમાં વિશ્વાસ હોય છે અને જે મનુષ્ય પોતાની પ્રતિજ્ઞાને દઢતાથી વળગી રહે છે તેનો ઉદ્દેશ અવશ્ય સિદ્ધ થાય છે. મુશ્કેલીઓ તેને કાંઇ પણ નથી કરી શકતી. ઇતિહાસ પણ આપણને એજ બોધ આપે છે કે સંસારનું પ્રત્યેક મહાન કાર્ય દઢ નિશ્ચયથી જ થાય છે.

સંપૂર્ણ.

# શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

## શ્રી શત્રુંજય પ્રચારકાર્ય સમિતિનો ૧૯૨૬ ડીસેમ્બર સુધીનો રિપોર્ટ.

આ સમિતિના સેક્રેટરી શ્રીયુત્ બાબુ કીર્તિપ્રસાદજી તરફથી ઉક્ત સમિતિના સભ્યો તરફથી કરવામાં આવેલ પ્રવાસ તથા પ્રચારકાર્ય સંબંધી રિપોર્ટ પોતાના તા. ૧૨–૧–૨૭ ના જા. નં. ૨૬ વાળા પત્ર સાથે મોકલ્યો છે. જેની નોંધ આ નીચે પ્રકટ કરીએ છીએ.

**બાબુ કીર્તિપ્રસાદજી જૈન** સમાના શ્રી આત્માનંદ મહાસભાના પ્રસંગે ગયા હતા; તેમજ જીરામાં એક સભા કરવામાં આવી હતી. હસ્તિનાપુરના મેળા પ્રસંગે યાત્રાત્યાગ માટે ખાસ ઠરાવો કરવામાં આવ્યા; તેમજ તે પ્રસંગે શ્રી શત્રુંજય સ્વયંસેવક મંડળ કાયમ કરવામાં આવ્યું હતું. જેના પ્રમુખ લાલા ગોપીચંદજી વકીલ–અંબાલા અને લાલા મંગતરામજી સરાફ સેક્રેટરી નીમાયા છે. તેઓએ સ્વયંસેવકની નામાવલિ શરૂ કરી છે. દીલ્હીમાં તા. ૫–૬ ડીસેમ્બરના દિવસોમાં ગુરૂકુલની સર્વસાધારણ સભા પ્રસંગે યોગ્ય પ્રચારકાર્ય કરવામાં આવ્યું. શ્રી આણંદજી કલ્યાણજીની પેઢીને શત્રુંજય સંબંધી યોગ્ય કરવા પત્રો લખવામાં આવ્યા તથા પંજાબમાં જગ્યાએ જગ્યાએ શત્રુંજય સાહિત્ય પહોંચાડવામાં આવ્યું.

**શ્રીયુત મણીલાલ કોઠારી** પંજાબના પ્રવાસ પછી કાઠીયાવાડમાં યાત્રાત્યાગ માટે પ્રયાસ કરી રહ્યા હતા અને તે સફળ પણ થયા. ત્યારબાદ હસ્તિનાપુરના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મેળા પ્રસંગે તેમનાં વ્યાખ્યાનો અસરકારક થયાં હતાં. બાબુ કીર્તિપ્રસાદજી તથા રા. માણીલાલ કોઠારીના પ્રયાસથી પંજાબ આજે જાગૃત છે.

**શ્રીયુત દયાલચંદજી જોહરી** હસ્તિનાપુરના મેળા પ્રસંગે આવ્યા હતા આગરા લખનૌ તથા આસપાસ તે માટે યોગ્ય પ્રચાર કરી રહ્યા છે.

**રા. શ્રીયુત પોપટલાલ રામચંદ** દક્ષિણમાં પ્રવાસ કરી રહ્યા છે અને ગામેગામ યથોચિત ઠરાવો કરે છે. ત્યાં સારી જાગૃતિ છે.

રા. માણીલાલ ખુશાલચંદ ખાસ કરીને ગુજરાતનાં નાનાં નાનાં ગામડાંઓમાં ફર્યા કરે છે. તેમનો તથા ભાઇ રાજકરણ ભાઇનો પ્રવાસ પાલણપુર આસપાસના ગામોમાં ડીસા કેમ્પ આસપાસ તથા ઢીમા, કરબાંણ, સાચોર, ધાંનેરા, આકોળ વિગેરે જગ્યાએ જઇ આવ્યા હતા. ગામડાની વસ્તુસ્થિતિ તેઓ નોંધી લે છે અને જૈનસમાજનું સુંદર દિગ્દર્શન તેઓ કરી રહ્યા છે.

**શ્રીયુત હીરાલાલ સુરાણા** મારવાડમાં સોજત, સાદડી, શીવગંજ, ખીવાણુંદી તથા પુરારી, આમલનેર, મુરતીજાપુર, સાંગલી, અમરાવતી, હીંગણઘાટ મનમાડ અને હૈદ્રાબાદ તથા મારવાડ આસપાસના ગામોમાં, ખાનદેશના ગામોમાં તથા દક્ષિણના ગામોમાં જોરશોરથી પ્રવાસ ને પ્રચાર કરી રહ્યા છે. તેમણે મારવાડનાં ગામેગામમાં શ્રી સંઘોને ઠરાવો મોકલાવ્યયા છે અને ખૂબ પ્રવાસ કરી રહ્યા છે.

આ સમિતિના કાર્યની પરિસ્થિતિ ઉપરની હકીકતથી જાણવામાં આવશે. આ ફંડમાં અત્યાર સુધીમાં આવેલી વસુલાત હવે પછી પ્રકટ કરવામાં આવશે. જેઓ તરફથી રકમ મોકલી આપવામાં ન આવી હોય તેમણે નીચેને શીરનામે મોકલી આપવી.

લી૦ સેવકો,

**મકનજી જે. મ્હેતા**

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી**

ઓ૦ રેસીડેન્ડ જનરલ સેક્રેટરીઓ.

૨૦, પાયધુની–મુંબઇ ૩

તા. ૧૮–૧–૨૭

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બૉર્ડ, અને તેની હાલની પરિસ્થિતિ.

લેખક: રા. માવજી દામજી શાહ. મુંબઇ.

શુમારે ઓગણીશેક વર્ષ પૂર્વે જ્યારે જૈન શ્વેતાંબર કોન્ફરંસનું સાતમું અધિવેશન પુના મુકામે મળ્યું હતું, ત્યારે ઉપર્યુક્ત બૉર્ડ અસ્તિત્વમાં આવ્યું હતું, એ બિના જૈન જનતાની લક્ષ બ્હાર ભાગ્યેજ હશે.

એમાં તો લગારે સંશય નથી કે, બૉર્ડ જેવી જૈન કેળવણી વિષયક સંસ્થાની જૈન કોમને જરૂર હતી. અને તેથી તેની સ્થાપના થતાં જૈનસમાજને બેશક, ઘણે દરજ્જે લાભ જ થયો છે.

બૉર્ડનો ઉદ્દેશ મુખ્યત્વે જૈનસમાજમાં ધાર્મિક શિક્ષણનો પ્રસાર કરવાનો છે, અને એ ઉદ્દેશ અનુસાર આજસુધીમાં તેણે પ્રગતિ કરેલી તો ન ગણાય; પરંતુ ગતિ તો અવશ્ય કરેલી છે એમ કહ્યા વગર રહેવું એ ન્યાયસંગત નજ ગણાય.

બૉર્ડની સ્થાપનાનું વર્ષ ઇ. સ. ૧૯૦૮ એટલે એ હિસાબે દરેક વર્ષના ડિસેંબર માસમાં પરીક્ષા લેવાતાં આજ સુધીમાં તેની સંખ્યા ઓગણીશની થઇ છે. એક પણ અપવાદ વગર કહી શકાય કે, ડિસેંબર માસની જે તારીખ પરીક્ષા માટે ઠરાવેલી હોય છે, બરાબર તેજ તારીખે આજસુધી પરીક્ષા લેવરાવવાની નિયમિતતા જાળવી છે, અને તેવી નિયમિતતા જાળવી દાખલો બેસાડવા બદલ બૉર્ડના વ્યવસ્થાપકોને બેશક ધન્યવાદ ઘટે છે.

બૉર્ડના ધારાધોરણ, અભ્યાસક્રમ, પરીક્ષા લેવરાવવાનાં મથકોનાં નામ અને ઇનામની યોજના વગેરેનો જેમાં સમાવેશ થયો છે, તેનું એક પેમ્ફલેટ પૂર્વે બોર્ડ તરફથી બ્હાર પાડવામાં આવ્યું હતું, તેમાં એમ જાહેર કરવામાં આવ્યું હતું કે, પરીક્ષા લેવાયા પછી **દોઢ મહીને** પરિણામ જાહેર કરવામાં આવશે અને **અઢી મહીને** ઇનામો તેમજ સર્ટિફીકેટો વ્હેંચી આપવામાં આવશે.

અહિં મારે જણાવવું જોઇએ કે, સદહું પેમ્ફલેટમાં પરીક્ષાનું પરિણામ જાહેર કરવાની તેમજ ઇનામો અને સર્ટિફીકેટો વ્હેંચી આપવાની જે મુદત ઠરાવી છે તેનું પાલન થયેલું હોય તેવું છેલ્લાં આઠ-દશ વર્ષથી મુદ્દલ જાણવામાં-જોવામાં નથી. ઉપર પ્રમાણે બૉર્ડ સમયપાલન નથી કરી શક્યું-શકતું જાણી તેનો કયો હિતેચ્છુ દીલગીર થયા વગર રહેશે ? મારે જણાવવું જોઇએ કે, કાંતો પરિણામ જા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હેર કરવાની અને ઈનામ વગેરે વ્હેંચી આપવાની જે મુદત ઠરાવી છે બરાબર તેજ મુદતે પરિણામ જાહેર થવું જોઇએ અને ઇનામો પણ વ્હેંચાવી દેવાં જોઇએ.

બૉર્ડ પોતે કરેલાં ધારા ધોરણનું પાલન કરવા અસમર્થ હોય તો જેવા ધારાનું તે પાલન કરી શકતું હોય તેવા નવેસરથી તેણે ઘડવા જોઇએ, કરેલા નિયમોનું પાલન નહિ કરવાથી જે દોષમાં તે સપડાય છે તે દોષથી તેને જરૂર બચાવી લેવું જોઇએ.

પરિણામ જાહેર કરવામાં મોડું થવાનાં કારણોમાં એક કારણ એ હોય તો તે સંભવિત છે કે, પરીક્ષકો તરફથી ઉત્તરપત્રકો તપાસાઇને મોડાં આવે છે, અને એમ થવાથી પરિણામ પણ મોડું બ્હાર પડે છે. આ કારણ હોય તો તે બેશક, સાચું છે, છતાં પેપરો બરાબર સમયસર તપાસાવીને–મંગાવી લઇને યુનીવર્સિટીઓ તરફથી ઠરાવેલી તારીખેજ જેમ પરિણામ બ્હાર પડેછે તેમ બોર્ડ પણ ધારે તો કરી શકે છે. યુનિવર્સિટીની નિયમિતતા બૉર્ડે લક્ષમાં રાખવાની ખાસ જરૂર છે. આવી નિયમિતતા જળવાય તે માટે મારો નમ્ર અભિપ્રાય એવો છે કે દર ઉત્તરપત્રક દીઠ પરીક્ષકોને ઓછામાં ઓછું ચાર કે આઠ આનાનું લવાજમ આપવાનું જણાવી ઉત્તરપત્રકો વખતસર મોકલી આપવાનાં કાર્ય માટે હાલ છે તેથી વધુ સાવધાન–જવાબદાર બનાવવા જોઇએ. અનિયમિતપણે અને પોતાની જ કુરસદે એક માનદ પરીક્ષક કામ આપે તેના કરતાં નિયમિતપણે પણ મ્હેનતાણું લઇને મુદતસર કામ આપે એ વધુ ઇચ્છવાયોગ્ય ગણાવું જોઇએ. આથી હું સ્પષ્ટપણે કહેવા માગું છું કે પેપરો વખતસર તપાસાવી મંગાવી લેવાનાં કામ માટે જેઓ લેવા માગે તેમને લવાજમ આપવાનું ધોરણ પણ દાખલ કરવાની જરૂર છે.

આ પેપરો મોડામાં મોડાં, બૉર્ડ તરફથી જાનેવારીના પહેલાં અઠવાડીયામાં પરીક્ષકોને પહોંચી જવાં જોઈએ. આ પેપરો લગભગ એક માસ જેટલી મુદતમાં તપાસી લઈને ફેબ્રુઆરીનાં પહેલાં અઠવાડીયામાં બૉર્ડને પુનઃ સુપ્રત કરી દેવાં જોઈએ. આ જવાબદારી માનદ કે લવાજમ લઈ પેપરો તપાસી આપનાર પરીક્ષક ઉપર મૂકાવી જોઇએ.

બૉર્ડના હાલના અભ્યાસક્રમ પ્રમાણે દર વર્ષે પરીક્ષામાં બેસવા છતાં દસ કે બાર વર્ષની મુદતમાં પણ જેમાં જૈનતત્વજ્ઞાન સમાવેશ પામે તેવા સમગ્ર વિષયોનો અભ્યાસ પૂરો કરાવી શકાતો નથી ! આ ખામી વર્તમાન અભ્યાસક્રમની છે.

અભ્યાસક્રમ એવો યોજવો જોઇએ કે, પાંચ કે વધુ તો સાત વર્ષ પર્યંત લાગલાગટ બૉર્ડની ક્રમસર પરીક્ષાઓ આપવાથી જૈન તત્ત્વજ્ઞાનના સમસ્ત વિષયોનું જ્ઞાન અભ્યાસકને મળી જવું જોઇએ, અને ત્યાર પછી **जैनतत्त्वविद् जैनतत्त्ववेत्ता** કે **जैनतत्त्वज्ञ**માંથી કોઇ પદવી બૉર્ડે અર્પણ કરવી જોઈએ. એવા જૈન તત્ત્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વેત્તાઓને વધુ અભ્યાસ માટે જૈન ગ્રંથો શીખવવાનો માર્ગ કંઇ બંધ પડતો નથી. ઉપર પ્રમાણે નવેસરથી અભ્યાસક્રમ ગોઠવવાનો વિચાર બૉર્ડની કમિટી કરે,–નિર્ણય કરે અને તેનો અમલ પણ કરે એ વાતને કદાચ વર્ષો લાગી જાય એ દેખીતું છે.

બૉર્ડે આજ સુધીમાં તેનાં જૂદાં જૂદાં ધોરણો માટે જે પુસ્તકો મંજૂર કર્યાં છે, તેમાંનાં કેટલાંક તો હાલમાં મળતાં પણ નથી ! વસ્તુસ્થિતિ જ્યારે આમ છે ત્યારે બૉર્ડે મંજૂર કરેલાં પણ નહિં મળતાં એવાં પુસ્તકો છપાવી પૂરાં પાડવાનું કાર્ય પણ કરવાની જરૂર છે.

લેખક એવા દાખલાઓ પુરા પાડી શકે છે કે પુસ્તકો નહિ મળવાનાં સબબેજ સ્ત્રી અને પુરૂષ વિદ્યાર્થીઓ પૈકી કેટલાકે પરીક્ષામાં નહિ બેસી શકવા માટે દીલગીરી દેખાડેલી છે !

બૉર્ડનો નવો અભ્યાસક્રમ જ્યાંસુધી ન ગોઠવી શકાય ત્યાંસુધી હાલ જૂનો અભ્યાસક્રમ છે તેજ રાખવો યોગ્ય છે; છતાં નવો અભ્યાસક્રમ યોજતી વખતે આ વાત લક્ષમાં રાખવાની ખાસ જરૂર છે કે છોકરાંઓ માટે બે અને પુરૂષો માટે ત્રણ સ્વતંત્ર પાઠ્ય પુસ્તકો રચવાની જરૂર છે, તેજ મુજબ છોકરીઓ માટે બે અને સ્ત્રીઓ માટે ત્રણ પાઠ્ય પુસ્તકો રચવાની જરૂર છે. આ ગણત્રી મુજબ બૉર્ડનો સમગ્ર અભ્યાસક્રમ આ દશ પુસ્તકોમાં સમાવેશ પામે છે. આ પુસ્તકો વિદ્વાન્‌વર્ગ પાસે તૈયાર કરાવીને બૉર્ડે ગુજરાતી ભાષામાંજ નહિ પણ મરાઠી અને હિંદી ભાષામાં તેનાં ભાષાંતર કરાવીને તૈયાર રાખવાની જરૂર છે.

હાલ ફકત ગુજરાત–કાઠીઆવાડનાં મળીને સેન્ટરો–પરીક્ષાં લેવરાવવાનાં મથકો ૩૫ થી ૪૦ જેટલાંજ છે. પણ ઉપર પ્રમાણે યોજના થતાં દક્ષીણ અને ઉત્તર હિંદુસ્થાનનાં લગભગ ૧૦૦ સેન્ટરો ઉમેરતાં ( ૧૫૦ ) દોઢસો સેન્ટરો થાય તેમ મનાય છે. અને તેમ થતાં આ પરીક્ષાનો લાભ વધુ સારી સંખ્યામાં લેવાય એ પણ બનવા યોગ્ય છે.

ગુજરાત, કાઠીયાવાડ, દક્ષિણ અને ઉત્તર હિંદુસ્થાનમાં ચાલતી જૈનશાળાઓ, કન્યાશાળાઓ, શ્રાવિકાશાળાઓ અને રાત્રિશાળાઓને પણ તમારો નિયુકત કરેલોજ ધાર્મિક અભ્યાસક્રમ ચલાવવાના લાભ સમજાવો–ફરજ પણ પાડો, આમ થતાં ઉમેદવારોની સંખ્યામાં આપોઆપ મોટો વધારો થશે અને ધાર્મિક શિક્ષણનો પ્રસાર કરવાનો બૉર્ડનો જે ઉદ્દેશ છે તે ઘણે અંશે સફળ થશે.

હાલ બૉર્ડ તરફથી લેવાતી પરીક્ષાનું પરિણામ પ્રકટ કરવામાં અને સર્ટિફીકેટ વગેરે વ્હેંચી દેવાના કામોમાં અનિયમિતપણાનું જે સામ્રાજ્ય પ્રવર્તી રહ્યું છે, તેને તો બૉર્ડે **કલંકરૂપ** ગણીને સદંતર દૂર કરવા કોશીષ કરવી ઘટે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપર પ્રમાણે બૉર્ડના વિકાસ માટે જે જે મુદ્દાઓ રજુ કર્યા છે તે તરફ બૉર્ડના વ્યવસ્થાપકો શાંત ચિત્તે જરૂર વિચાર કરશે. મારી તેમને વિનંતિ પણ છે કે આ મુદ્દાઓ વિચારતાં રખે તેઓમાં એવો ખ્યાલ ભરાઈ જવા પામે કે, આ મુદ્દાઓ કોણ સૂચવે છે ? મુદ્દાઓ ગમે તે વ્યકિત સૂચવતી હોય, પણ તે વાસ્તવિક છે કે નહિ ? તે ખરા છે કે ખોટા ? એ વિષેજ પક્ષપાતરહિત નજરે જોવાનું વ્યવસ્થાપકોએ વિચારવું જોઇએ. આમ જો તેઓ વિચાર કરશે તો હું માનું છું કે બૉર્ડ પોતાની હાલની પક્ષાઘાતની જે દુર્દશા અનુભવી રહેલ છે તેમાંથી સત્વર મુક્તિ મેળવી પૂર્ણ તંદુરસ્ત બનશે.

# પ્રકીર્ણ અને વર્તમાન સમાચાર.

ત્રણ સૈકા પહેલાંનો જૈન ઇતિહાસ તપાસતાં **વસ્તુપાળ, તેજપાળ** જેવા મહાન્ જૈનનરરત્નોએ તીર્થની યાત્રા નિમિતે સંઘ કાઢી અગણીત દ્રવ્ય ખર્ચી જે સેવા કરી છે તે વાંચતાં અપૂર્વ હર્ષ થાય છે. વર્તમાન કાળમાં જેમ તે વખત જેટલું દ્રવ્ય નથી તેમ તેવા ભકિત કરનારા મનુષ્યો પણ નથી; છતાં **પૂજ્ય આચાર્ય શ્રી વિજયનેમીસૂરીશ્વરજી**ના ઉપદેશથી પાટણ નિવાસી બંધુ શેઠ **નગીનદાસભાઇ** વગેરે બંધુઓએ શ્રી પાટણથી કચ્છ દેશના તીર્થોની યાત્રા નિમિત્તે કાઢેલો સંઘ, અત્યારના દેશકાળ પ્રમાણે આગલી સદીયોની કંઇક ઝાંખી કરાવે છે. આ સંઘમાં નજરે જોનારના જણાવવા પ્રમાણે સુમારે ૪૦૦) સાધુ સાધ્વીના ઠાણા અને ત્રણ હજાર શ્રાવક શ્રાવિકાનો સમુદાય સાથે હોઇ તીર્થયાત્રાનો લાભ લે છે, સંઘવી નગીનદાસભાઇ વગેરે બંધુઓની સંઘ સેવાનો ઉત્સાહ, ઉદારતા, દેવ, ગુરૂ, સંઘ અને તીર્થની સેવા માટે પૈસા ખરચવાનો હિસાબ નથી, જે એક અપૂર્વ પ્રસંગ છે. આ સંઘ પોશ સુદી ૧ના પાટણથી પ્રયાણ કરી શ્રી સંખેશ્વરજી, ઉપરીયાળા તીર્થની યાત્રા કરતાં કરતાં પોશ વદી ૪ ના રોજ ધ્રાંગધ્રા શહેરમાં આવતાં રાજ્ય તરફથી સામૈયા, પ્રીતિભોજન વિગેરેથી તેમજ ત્યાંના સંઘથી પણ તેવોજ સત્કાર આ સંઘનો કરવામાં આવ્યો હતો; જેથી તીર્થયાત્રા નિમિત્તે નીકળેલા આ સંઘનો રાજ્યે જે સત્કાર કર્યો તે માટે હર્ષ જાહેર કરવા સંઘવી નગીનદાસ વગેરે બંધુઓએ તે શ્રી સંઘની વતી ધ્રાંગધ્રાના નેકનામદાર રાજસાહેબ [ દરબારશ્રી ]ને માનપત્ર આપ્યું હતું, જેનો યોગ્ય જવાબ નામદાર રાજસાહેબે આપતાં ત્યાંના નામદાર દીવાન સાહેબે રાજસાહેબની આજ્ઞાથી સાત દિવસ ધ્રાંગધ્રા રાજ્યમાં જીવહિંસા કોઈ કરે નહીં તેવો ધારો કરી સંઘવી નગીનદાસભાઇને જેમ અપૂર્વ માન આપ્યું છે તેમ જીવદયાનો ધ્વજ રાજ્યે તેટલા દિવસ આ નિમિતે ફરકાવ્યો છે. સાંભળવા પ્રમાણે અમદાવાદનિવાસી સદ્ગુણાલંકૃત ધર્મધુરંધર શેઠ **માણેકલાલભાઇ મનસુખભાઇ ભગુભાઇ** પણ શ્રી સંઘના દર્શન કરવા ધ્રાંગધ્રા તે વખતે પધાર્યા હતા. તેઓશ્રીએ પણ ધ્રાંગધ્રાના રાજસાહેબ પાસે પાંચ દિવસ વધારે જીવદયા પળાવવા નમ્રતાપૂર્વક માંગણી કરતાં, આ નરરત્નની માંગણીનો રાજ્યે સત્કાર કરી બાર દિવસ જીવહિંસા આખા રાજ્યમાં કોઇ કરે નહિં તેવો પ્રતિબંધ કરેલ છે. આવા પુણ્યશાળી નરોની હાજરીથી પણ તેવા કાર્યમાં વૃદ્ધિ થાય છે. શ્રી સંઘના કરેલા સત્કાર અને બાર દિવસ અમારીપટહ માટે કરેલા કાયદા માટે ધ્રાંગધ્રાના રાજ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાહેબ અને ત્યાંના નામદાર દીવાન સાહેબને ધન્યવાદ ઘટે છે. સંઘવી નગીનદાસભાઇ વગેરે ધર્મબંધુઓની દેવ, ગુરૂ, ધર્મ, સંઘ અને તીર્થભક્તિ માટે આવા શુભ કાર્યોની અનુમોદના કરતા તેઓને ધન્યવાદ આપીએ છીએ.

# સાભાર સ્વીકાર અને સમાલોચના.

**૧ પંચપ્રતિક્રમણ ચંદ્રિકા**—શ્રી જૈન લોંકાગચ્છના શ્રી નરપતિચંદ્રાચાર્યજીની આજ્ઞાથી પ્રકટકર્ત્તા શાહ બુલાખીદાસ ઝાલચંદ-બાલાપુર. કિંમત અમૂલ્ય. આ ગ્રંથમાં સામાયિક, દેવસી, રાઇપ્રતિક્રમણ વગેરે મૂળસૂત્રો સાથે સંસ્કૃત અવચૂરિ અને ગુજરાતી ભાષામાં અર્થ અને વિધિ વગેરે આપવામાં આવે છે જેથી તે ગચ્છના અભ્યાસી બંધુઓને શિખવા માટે સરલતા કરી આપેલ છે પ્રચાર કરવાના હેતુથી કિંમત નહિં રાખેલ હોવાથી પ્રકટકર્ત્તાને ધન્યવાદ ઘટે છે.

**૨ અહિંસા દર્પણ**—લેખક **મુનિ શ્રી હેતમુનિજી** મહારાજ. પ્રકાશક-શ્રીયુત બાબુ-ધનપતસિંહજી મેનેજર તીર્થ રાજગૃહી-લેખક મુનિ મહારાજે રામાયણ અને મહાભારત જેવા જૈનેતર પ્રમાણભૂત ગ્રંથોમાંથી અનેક પ્રમાણો આપી જૈન શાસ્ત્ર શૈલીથી આ હિંદિભાષામાં લખેલ લઘુગ્રંથ મનન કરવા લાયક છે. કિંમત અમૂલ્ય.

**૩ સ્તવનાવલી**—આ ગ્રંથમાં આવેલા સ્તવનોના કર્ત્તા ઉપરોક્ત મુનિરાજ છે. પ્રકટકર્ત્તા ઉપરોક્ત સંસ્થા છે. સ્તવનો થોડા છતાં રચના સારી છે. કિંમત અમૂલ્ય.

**૪ અઠાણું બોલકા બાસઠીયા.**
**૫ પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ થોકડા.** | હિંદિ ભાષામાં.

**શેઠ ભેરોંદાનજી જેઠમલજી શેઠીયા** બીકાનેર આ ગ્રંથના પ્રકટકર્ત્તા છે. શેઠીયા જૈન ગ્રંથમાળાના ૬૫-૬૬ નંબરોના આ ગ્રંથોમાં, પ્રકરણોમાં જે ધર્મનું તત્ત્વજ્ઞાન શિખવવામાં આવે છે તેનું દોહન આવા આવા લઘુગ્રંથોમાં ઉપરોક્ત શેઠશ્રી પ્રકટ કરે છે. સાથે અર્થ આપવામાં આવતા હોવાથી દરેક દ્વાર, શબ્દો વગેરે સરલતાથી શિખનાર સમજી શકે છે. શેઠશ્રીના આ પ્રયત્ન ધન્યવાદને પાત્ર છે. કિંમત સવા આનો તથા પોણો આનો તદ્દન નહિં જેવી છે.

**શ્રી દશવૈકાલિક સૂત્ર** ( મૂળ ) આર્ટપેપર ઉપર સુંદર ટાઇપથી છાપેલ. પ્રકાશક-અગરચંદ ભેરૂદાન શેઠીયાનો આ પ્રયત્ન પ્રશંસાપાત્ર છે.

## રીપોર્ટ.

**પન્યાસજી શ્રી મુક્તિવિમળજી જૈન પાઠશાળાનો તથા શ્રાવિકાશાળાનો સં.** ૧૯૮૧ ના કારતક શુદ ૧ થી સંવત ૧૯૮૨ આસો વદી ૦)) સુધીનો રીપોર્ટ. આ પાઠશાળામાં મેમ્બરો કરવાનું ધોરણ અને કમીટીદ્વારા વહીવટ ચલાવવામાં આવે છે. શુમારે ૬૦) વિદ્યાર્થી તથા ૫૦ શ્રાવીકાઓ ધાર્મિક શિક્ષણનો લાભ મેળવે છે. અભ્યાસપત્રક જોતાં ધાર્મિક શિક્ષણનો લાભ ઠીક લેવાય છે તેમજ હિસાબ અને વહિવટ પણ રીપોર્ટ વાંચતાં ચોખવટવાળો માલુમ પડે છે. અમો તેમની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**૨ શ્રી કાઠીયાવાડ હિન્દુ અનાથઆશ્રમનો ત્રિવાર્ષિક રીપોર્ટ**—ગુજરાતમાં જેમ નડીયાદમાં છે તેમ કાઠીયાવાડમાં વઢવાણ કેમ્પમાં આ હિંદુ **અનાથઆશ્રમ** છે અને આ તેનો સં. ૧૯૮૦–૮૧–૮૨ ત્રણ વર્ષનો રીપોર્ટ છે. કાઠીયાવાડ જેવા વીશલાખની વસ્તીવાળા દેશમાં આવા આવા અનાથ આશ્રમની જે જરૂર હતી, તે આ આશ્રમથી પુરી પડી છે; તેટલું જ નહિં પરંતુ તેના ખંતિલા અને દયાળુ કાર્યવાહકોની શુભ લાગણીથી તે અનેક ( શુમારે ૬૦ ) અનાથ બાળકોને પાળી પોષી અનેક આશિર્વાદો મેળવે છે, આ સંસ્થાનો વહિવટ ચોખવટ અને કરકસરવાળો હોવા છતાં અનાથ બાળકોનું પોષણ કરવામાં તૂટો પડે છે. સ્વતંત્ર મકાનની પણ જરૂરીઆત છે. તે માટે પંદરહજાર રૂપૈયાની જેવી રકમ કાઠીયાવાડ નિવાસી એક બંધુ પણ આપી બાળકોનો આશિર્વાદ લઇ શકે તેમ છે. આવા લાખોની વસ્તીવાળા દેશમાંથી આવા એક અનાથઆશ્રમને ખર્ચમાં પણ તૂટો પડે તે આશ્ચર્ય છે. આ ખાતાને દયાવાન કોઇ પણ બંધુએ યથાશક્તિ મદદ દરવર્ષે કે એક સારી રકમ એકીવખતે આપી કે દરવર્ષે થોડી થોડી રકમ આપી અનાથ બાળકોનો આશિર્વાદ લેવાની જરૂર છે. વ્યવસ્થાપૂર્વક ચાલતી આ સંસ્થાને દરેક પ્રકારની મદદ આપી કોઇ પણ કાઠીયાવાડી બંધુએ પોતાના દેશને મગરૂર કરવા જરૂર છે. અમો આ સંસ્થાની આબાદી ઇચ્છીએ છીએ. રૂા. ૨૫૦) મકાન ફંડમાં આપનારનું એક ઓરડા ઉપર નામ આપવામાં આવશે. માટે તે લાભ શ્રીમંતોએ લેવા જેવો છે. પ્રમુખ શ્રી મોહનલાલ જીવણલાલ બેરીસ્ટર તથા સેક્રેટરીઓ ડો. મનસુખલાલ તારાચંદ શાહ તથા શેઠ કસ્તુરચંદ રણછોડભાઇ તથા કમીટીના મેમ્બરોનો પ્રયત્ન ધન્યવાદને પાત્ર છે.

---

**શ્રી આત્માનંદ જૈન શ્વેતાંબર પાઠશાળા તથા કન્યાશાળા રતલામનો સં.** ૧૯૬૫ થી સં. ૧૯૮૩ કારતક માસ સુધીનો રીપોર્ટ. આ સંસ્થામાં કોઇ પણ ગચ્છના સાથે-મળી વ્યવહારિક તેમજ ધાર્મિક શિક્ષણ પોતપોતાના ગચ્છ આમ્નાય પ્રમાણે લઇ શકે છે. વળી જૈનેતરને પણ દાખલ કરવામાં આવે છે. આવી હૃદયની વિશાળતા આ સંસ્થાની જોઇ તેના વહીવટ કર્તાને ધન્યવાદ આપવામાં આવે છે. વહીવટ વ્યવસ્થાપૂર્વક થતો હોઇ રીપોર્ટમાં આપવામાં આવેલ હિસાબ આપવામાં આવનાર ગૃહસ્થના પૈસાનો સદ્વ્યય થાય છે તેમ બતાવે છે. અમો તેની ઉન્નતિ ઇચ્છીયે છીયે.

---

**શેઠ શ્રી રિષભદેવજી કેશરીમલ જૈન શ્વેતામ્બર પેઢી રતલામનો પંચમ વાર્ષિક રીપોર્ટ**—શ્રીમાન્ આચાર્ય શ્રી સાગરાનંદ સૂરિજીના ઉપદેશથી આ પેઢીનું સ્થાપન કરેલ છે. તેમના ઉદ્દેશ પ્રમાણે ધર્મ ગ્રંથનો સંગ્રહ, જિર્ણોદ્ધાર વગેરે કાર્યો ઉત્સાહ પૂર્વક તેના કાર્યવાહકો કરે છે. કાર્યવાહી યોગ્ય રીતે ચલાવવામાં આવે છે. હિસાબ ચોખવટવાળો છે.

---

**શ્રી વૃદ્ધિચંદજી જૈન વિદ્યાશાળા ભાવનગરનો સાત વર્ષનો રિપોર્ટ**—અમોને સમાલોચના માટે મળેલ છે. સં.૧૯૭૬થી ૧૯૮૨ આ શાળાનો વહીવટ શ્રીસંઘની નીમેલી કમિટી હસ્તક ચાલતો હોવાથી તેના હિસાબ ખર્ચ વગેરે યોગ્ય અને ચોખવટવાળાજ છે અને હોયજ તે વિષે સંતોષ લેવા જેવું છે. પરંતુ આવા મોટા શહેરમાં સેંકડો વિદ્યાર્થીઓ જેમાં લાભ લે છે તે શાળાનો રીપોર્ટ સાત વર્ષે પ્રગટ થાય તે અમોને આશ્ચર્ય લાગે છે. મ્હેસાણા પાઠશાળાએ એક વખત પોતાના રીપોર્ટમાં ઉપજ ખર્ચના હિસાબ સરવૈયા સાથે બાવીશ વર્ષમાં કેટલા ભાઇઓ એ કેટલું કેવા પ્રકારનું શિક્ષણ મેળવ્યું તેવું સરવૈયું આપ્યું હતું, તેમ આ પાઠશાળાની કમીટીએ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## विज्ञप्ति.

परमपूज्य जैनाचार्य, सर्व मुनिमहाराज, साध्वीजी महाराज और श्रावक श्राविकाओंसे नम्र निवेदन है कि-मालवा प्रान्तमें जैन (श्वे०) छात्रालय (बोर्डिङ्ग) जैन (श्वे०) बॉर्डिङ्ग खोलके निराश्रितों को साश्रय देने, पशुशाला आदि स्थापित करने के लिए एक स्थाई फंड कायम किया है और इस फंडके लिए एक लॉटरी थी पारमार्थिक कार्य सहायक फंड लॉटरीके नामसे पांच लाख रुपयेकी खोलनेकी प्रतापगढके श्रीमान् दरबार साहबसे मन्जूरी ली है एक टिकिट एक रुपयेका होगा और दो लाख रुपये ईनाममें दिये जावेंगे खर्चे की रकम काटकर बाकी बची हुई रकम इस फंडमें रक्खी जाकर उपरोक्त कार्य किये जावेगे इसकी व्यवस्थाके लिए यहाँ के व बहारके मेम्बरान की एक कमेटी कायम की गई है। अब इस परमोपयोगी व पारमार्थिक कार्यमें आपकी सहायताकी पूर्ण आवश्यकता है। अगर अपने पूर्ण रूपसे सहायता की तो आशा है कि आपके समानका आवश्यक व परमोपयोगी कार्य अवश्य सफल होगा।

विशेष हाल जाननेके लिए निम्न लिखित पते पर पत्र-व्यवहार किजीए।

ली० हितैषी-लक्ष्मीचन्द घीया,
प्रतापगढ—(राजपूताना).

## "श्री आचारोपदेश ग्रंथ."

આચાર એ પ્રથમ ધર્મ છે, તે શું છે તે આ ગ્રંથમાં બતાવેલ છે. રાત્રિના ચતુર્થ પહોરે (બ્રાહ્મમુહૂર્ત વખતે) શ્રાવકે જાગ્રત થઈ શું ચિંતવવું? ત્યાંથી માંડીને આખા દિવસની તમામ વ્યવહારિક તેમજ ધાર્મિક કરણી કેવા આશયથી તથા કેવી વિધિથી શું કરવી? રાત્રિએ શયનકાળ સુધીમાં, મન, વચન, કાયાની શુદ્ધિપૂર્વક ધર્મ આજ્ઞાઓના પાલન તરીકેનું આચાર વિધાન કેવું હોવું જોઈએ? વગેરે અનેક ગૃહસ્થ ઉપયોગી જીવનમાં પ્રતિદિન આચરવા યોગ્ય સરલ, હિતકાર યોજના આ ગ્રંથમાં બતાવેલ છે. શ્રાવકધર્મને માટે શરૂઆતથી પ્રથમ શિક્ષારૂપ આ ગ્રંથ હોઈ એક ઉત્તમ કૃતિ છે. કોઈ પણ જૈન નામ ધરાવનાર વ્યક્તિ પાસે તેના પઠન પાઠન માટે આ ગ્રંથ અવશ્ય હોવો જોઈએ. કિંમત મુદ્દલ રૂા ૦–૮–૦ માત્ર આઠ આના પોસ્ટેજ જુદું.

---

## "શ્રી ધર્મરત્ન પ્રકરણ."

સર્વ ધર્મ સ્થાનની ભૂમિકારૂપ એકવીશ શ્રાવકના ગુણનું વર્ણન, ભાવશ્રાવકના લક્ષણો, ભાવ સાધુના લક્ષણો, સ્વરૂપ અને ધર્મરત્નનું અનંતર, પરંપર ફળ, અનેક વિવિધ અઠ્ઠાવીશ કથાઓ સહિત આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રથમથી છેવટ સુધીના તમામ વિષયો ઉપદેશરૂપી મધુર રસથી ભરપુર હોઈ તે વાંચતા વાચક જાણે અમૃત રસનું પાન કરતો હોય તેમ સ્વાભાવિક જણાય છે. વધારે વિવેચન કરતાં તે વાંચવાની ખાસ ભલામણ કરવામાં આવે છે. કિંમત રૂા ૧–૦–૦ પોસ્ટેજ જુદું.

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# આધુનિક સંસ્કૃતિ.

" આજની સંસ્કૃતિ કૌશલ્યપ્રધાન છે. જ્ઞાનનું ક્ષેત્ર વધારવું, તે દ્વારા કૌશલ્ય મેળવવું, સત્તા હાથ કરવી, તે ટકાવવી, વધારવી અને અંતે અમર્યાદ ભોગ ભોગવવા એજ એની ઝંખના દેખાય છે. જ્યારે જ્ઞાન પુરેપુરૂં વધશે, એને અંગે હ્રદયનો વિકાસ થશે, કૌશલ્ય પરોપકારી થશે, સત્તા સેવામાં વપરાશે અને સાર્વત્રિક ઉત્કર્ષથી અદેખાઇને બદલે પ્રસન્નતા અનુભવાશે ત્યારે નવી સંસ્કૃતિ પ્રવર્ત્તશે. એ દિશામાં કેટલાક લોકોનો પ્રયત્ન ચાલે છે, પણ એમને નથી સમજી શકતા વિજિગીષુ લોકો; અને દુઃખની વાત કે નથી સમજી શકતા જિજીવિષુ લોકો. એ બંનેની પકડ છોડવવા મથનાર માણસો બંનેને અકારા લાગે છે. "

" જીવન રહસ્યની કલ્પના પરત્વે ત્રણ મુખ્ય સંસ્કૃતિઓ દુનિયામાં અધિકાર ભોગવે છે. આર્યસંસ્કૃતિ, ઇસ્લામી અને ખ્રિસ્તી. આ ત્રણે સંસ્કૃતિઓનું શુદ્ધ સ્વરૂપ જોતાં એમની વચ્ચેનો ભેદ સ્પષ્ટ તરી આવે છે; છતાં એમની વચ્ચે વિરોધ શા માટે હોય એનું કારણ જડતું નથી. માણસ જ્યાંસુધી કહે છે કે મારી વાત સાચી છે, સારી છે, 'ત્યાંસુધી એ રસ્તાપર છે' પણ જ્યારે એ કહેવા બેસે કે–' મારાથી જે જૂદા પડે છે તેમની વાત કૂડી જ છે.' ત્યારે એ દ્રોહ કરવા પ્રવૃત્ત થાય છે. અજ્ઞાન જેટલું અભિમાન બીજે ક્યાં હોય ? સંકુચિત હ્રદયમાં જેટલી કઠોરતા હોય છે તેટલી પણ બીજે ક્યાં હોય ? સ્વાર્થમાં આત્મઘાતી ખાઉધરાપણું હોય છે તેટલું બીજે ક્યાં હોય ? "

" આ બધું કેમ ટાળી શકાય ? મહાપ્રજાઓની દૃષ્ટિમાં પરિવર્ત્તન થવું જોઇએ. એમની જીવન વિષેની કલ્પના શુદ્ધ થવી જોઇએ. એકબીજાને સમજવા જેટલો સમભાવ એમનામાં આવવો જોઈએ. કોઇનાથી ડરીએ નહિ અને કોઇને ડરાવીએ નહિ એવું દ્વિવિધ અભય આવવું જોઇએ. અને કેળવણી સાથે સમભાવ અને સંતોષનો આનંદ માણસે એકવાર ચાખવો જોઇએ. સંતોષ એ શબ્દ ભલે મોળો લાગતો હોય, એમાં ભલે પરાક્રમ ન દેખાતું હોય, પણ અંતે એમાં જ પુરૂષાર્થ અને શ્રેય છે. "

For Private And Personal Use Only